PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

# કોશિશ થી કામયાબી

Since 1-8-1974

વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ ઓક્ટોબર : ૨૦૨૫, અંક નં. ૧૫૭/૫૨૦




## મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ્ હસ્તે શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ સ્વીકારતા ડો. કવિતા પારસ શાહ

પેઈઝ – ૪



## M.B.B.S. માં પ્રવેશ મેળવતી શ્રવણમંદ વિદ્યાર્થીની કુ. માલુ ભમ્મર

પેઈઝ – ૫

Koshish thi Kamyabi ◆ R.N.I. No. GUJGUJ/2013/48176 ◆ Postal Reg. L2/36/RNP/BVR-414/2025-27 ◆ Monthly
Date of Publication : 15 October- 25 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# શ્રી શાહ ખી. લ. બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર


ડૉ. કવિતાબેન શાહનું સન્માન...


ડૉ. કવિતાબેન સાથે ટ્રસ્ટીશ્રીઓ અને સ્ટાફ...


મા. શિ. બોર્ડમાં, સાઈન લેંગ્વેજ અંગે મિટીંગ...


TTC (HI) માં LIC ના સભ્યો...


ગણેશોત્સવમાં આરતી કરતાં...


પારૂલ ગળથિયાની બોર્ડ ઓફ સ્ટડીઝમાં નિયુક્તિ...


'નેશનલ સ્પોર્ટ્સ દિને' વિવિધ રમતોની ઉજવણી...

# કોશિશથી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર..........૦૨
- INDEX.................................૦૩
- ડો.કવિતા શાહ શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિકથી સન્માનિત......................................૦૪
- ડો. કવિતાબહેનનું સન્માન.....................૦૪
- ગઝલની મહેફિલ...............................૦૪
- "મારી પાંખો અને ખુલ્લું આકાશ".............૦૫
- PNRમાં નવરાત્રી મહોત્સવની ઉજવણી......૦૭
- નટરાજ સી. પી. બાળકોની શાળા............૦૮
- કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ .....૦૯
- પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર.૧૨
- પી.એન. આર. હોસ્પિટલ....................૧૩
- લેપટોપ વિતરણ તથા તાલીમ કાર્યક્રમ...........૧૩
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ.....................૧૪
- અંબા સી. પી. હોસ્ટેલ.......................૧૪
- શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (પ્રા.વિ.).૧૫
- શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (ઉ.મા.)...૧૬
- બહેરાં-મૂંગા શાળા - લાઈબ્રેરી વિભાગ.........૧૭
- બહેરાં-મૂંગા શાળા મહેતા છાત્રાલય............૧૮
- શ્રી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય........૧૮
- શ્રીમતી પી.આર. વાધર સાધન-સહાય વર્કશોપ.૧૯
- શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કોલેજ .........૧૯
- શેઠશ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલ..........૨૧
- 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા........૨૨
- ભાનુવાડી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર............૨૪
- શ્રવણમંદોની સાઈન લેન્ગ્વેજ, હવે સામાન્ય શાળાના વિદ્યાર્થીઓ શીખશે....................૨૪
- ડોનેશન લિસ્ટ...............................૨૫
- PNR તસ્વીર સમાચાર.......................૨૭


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## નૂતન વર્ષની શુભકામનાઓ...

આપ સૌને વિક્રમ સંવત ૨૦૮૨ના નૂતન વર્ષે અભિનંદન આપી શુભકામનાઓ પાઠવું છું કે આ નવું વર્ષ આપ સૌના જીવનમાં સુખ, સમૃદ્ધિ અને સફળતા લાવે અને આપણે સૌ જેના માટે કાર્ય કરી રહ્યાં છીએ એ દિવ્યાંગ ભાઈઓ અને બહેનો માટે સમાન અવસર, સન્માન અને ખુશહાલી લાવે.

મિત્રો, પાછલા વર્ષ પર નજર નાખીએ તો આપણે સૌ એ, PNR અને સંલગ્નિત સંસ્થાઓ સાથે સંકળાયેલા તમામ ટ્રસ્ટીશ્રીઓ, દાતાશ્રીઓ અને કર્મચારીગણે, પોત-પોતાની સંસ્થાઓમાં દિવ્યાંગોના શિક્ષણ, તાલીમ, સારવાર અને પુનર્વસનના અનેકવિધ કાર્યો દ્વારા, તેમના જીવનને વધુ ઉચ્ચ કક્ષાએ લઈ જવા સાર્થક પ્રયત્નો કર્યાં છે, જેના અનેકવિધ ઉદાહરણો આપણે 'કોશિશ' ના ગત વર્ષ દરમ્યાનના અંકોમાં જોયા છે.

મિત્રો, આ નવા વર્ષમાં આપણે દિવ્યાંગોના કલ્યાણ માટે કેટલીક નવી સુવિધાઓ પણ કરી રહ્યાં છીએ. જેમાં 'અંકુર' સંસ્થા દ્વારા શહેર નજીક ૧૫ વિઘા જમીન ખરીદાય ગઈ છે અને તેમાં મંદબુધ્ધિ બાળકો-વ્યક્તિઓ માટે રહેવા-જમવા માટે વિશાળ સંકુલ બનાવવાનું છે. PNR માં શ્રી નયનભાઈ દલાલ પરિવાર (USA) ના સહયોગથી અર્લી ઈન્ટરવેન્શન, એડલ્ટ ફિઝીયોથેરાપી તથા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરનું આગામી ત્રણ મહિનામાં ઉદ્‌ઘાટન થનાર છે.

આવી, અનેક સુવિધાઓ આપણે સતત વિસ્તારી રહ્યાં છીએ, જેથી દિવ્યાંગતાની રોક થામ અને દિવ્યાંગોના પુનર્વસન માટે, આપણે સૌના સહકારથી એ હેતુ સિધ્ધ કરી શકીએ.

✍ **કિરીટ રાઠોડ**

**Health is like money. We never have the true ideal of its's value until we lose it.**

✍ **Josh Billings**


**Koshish Thi Kamyabi**
RNI No. GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/
BVR-414/ 2022-24, Monthly

- **અંક નં. : ૧૫૪/૫૨૦**
  **૧૫ ઓક્ટોમ્બર- ૨૦૨૫**
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન: (૦૨૭૮) ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  મો.: 9375757170/9377117170
  **E-mail :** info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us :** www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **વંશિકા ફોર્મ્સ, ભાવનગર**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **વંશિકા ફોર્મ્સ, ભાવનગર**
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **રાજેશભાઈ હકાણી**


- **જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |



## ગુજરાતમાંથી એકમાત્ર ભાવનગરના ખાસ શિક્ષકા ડો. કવિતા પારસ શાહને શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિકથી મુખ્યમંત્રીના હસ્તે સન્માનિત

**દિવ્યાંગો માટે કામ કરતા શિક્ષકોની શ્રેણીમાં રાજ્યભરમાંથી કે.એલ. શાહ બહેરા મૂંગા શાળાના શિક્ષિકાનું થયું સન્માન**

તા. ૦૫ સપ્ટેમ્બર શિક્ષક દિન નિમિત્તે, રાજ્યભરમાંથી પસંદ કરેલા શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનિત કરવામાં આવે છે. આ વર્ષે પણ અમદાવાદ ખાતે મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ટાગોર હોલ ખાતે આ સન્માન સમારોહ યોજાઈ ગયો.

આ સમારોહમાં ખાસ શિક્ષક કે, જેઓં દિવ્યાંગો માટે, દિવ્યાંગો સાથે કામ કરી રહ્યાં છે, તેવા સંવેદનાસભર શિક્ષકોની શ્રેણીમાં ભાવનગરની કે. એલ. ઇન્સ્ટિટ્યૂટ ફોર ધ ડેફ (બહેરાં-મૂંગા શાળા) ના ડો. કવિતા પારસભાઈ શાહની પસંદગી થઈ હતી.ઉલ્લેખનીય છે કે, સમગ્ર રાજ્યમાંથી આ શ્રેણીમાં એકમાત્ર ભાવનગરના આ શિક્ષિકા પસંદ થયા હતા.

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે તેમને એવોર્ડ, શાલ તથા રૂ. ૫૧,૦૦૦/- પુરસ્કાર રકમ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી તથા અન્ય મહાનુભાવો એ પણ ખાસ શિક્ષક તરીકે કામ કરતા શિક્ષકોની કામગીરીને બીરદાવી, આ ક્ષેત્રમાં કામ કરતા સહુને શુભકામનાઓ પાઠવી હતી.

## ડો. કવિતાબહેનની શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી થતા સન્માન

શ્રી શાહ ખી. લ. બહેરા મૂંગા શાળામાં પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા ડો. કવિતાબેન શાહની રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક-૨૦૨૫માં પસંદગી કરવામાં આવી છે. સંસ્થામાં ૨૨ વર્ષથી ફરજ બજાવતા ડો. કવિતાબહેને વિવિધ કામગીરી ખંતપૂર્વક કરતા અને તેઓને સોંપવામાં આવેલ કામને, પોતાના અનુભવ અને વડીલોના માર્ગદર્શનથી સરસ રીતે પાર પાડતા હતા.

આવા કર્મનિષ્ઠ કર્મવીરની, રાજ્યકક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી થવાથી સમગ્ર સંસ્થા પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે અને તેઓને આગળ રાષ્ટ્રિય કક્ષાએ પણ શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી પામે તેવી શુભકામના પાઠવી હતી. તેઓને આ પસંદગીમાં પ્રાથમિક શાળાના આચાર્યા, સંસ્થાના મંત્રીશ્રી, સહમંત્રીશ્રી, ખજાનચીશ્રી, સૌનું માર્ગદર્શન મળ્યું હતું. અને સંસ્થા પરિવાર વતી ડો. કવિતાબહેનનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

## ગઝલની મહેફિલ



ગુજરાતી સાહિત્યના શ્રેષ્ઠ ગઝલકાર શ્રી જવાહર બક્ષી, કે જેમણે ૭૦૦ થી વધુ ગઝલો લખી છે અને તેમના બે કાવ્યસંગ્રહો (૧) તારાપણાંના શહેરમાં (૧૯૯૬) (૨) પરપોટાના કિલ્લા (૨૦૧૨) પ્રસિદ્ધ થયા છે અને તેઓ અનેક પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત થયા છે. તેઓએ તા.૨૧/૦૯/૨૦૨૫ ના રોજ PNR સોસાયટીના નટરાજ કોન્ફરસના હોલમાં, પોતાની સ્વરચિત ગઝલનો રસાસ્વાદ કરાવ્યો હતો. તેઓની આધ્યાત્મિક ગઝલોમાં રુચિ ધરાવતા ભાવકોએ મન ભરીને માણ્યો હતો. કાર્યકમની શરૂઆતમાં કવિશ્રીનું પુષ્પગુચ્છ અને દિવ્યાંગ બાળકો દ્વારા નિર્મિત વસ્તુઓથી સ્વાગત સાથે સન્માન કરાયું હતું.

PNRના પ્રમુખ શ્રી કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયાના મિત્ર એવા, શ્રી બક્ષી સાહેબે સંસ્થા દર્શન કરી, સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિની પ્રશંસાસંશા કરી, પોતાની પી. એચ. ડી. ની પદવી માટેના મહાનિબંધ “નરસિંહ મહેતાની કવિતામાં આધ્યાત્મિકતા” નું પુસ્તક, સંસ્થાની લાઇબ્રેરી માટે ભેટ આપ્યું હતું, જેનો સંસ્થાના માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રસ્ટીશ્રી અશ્વિનભાઈ પંડયા અને શ્રી પ્રદીપભાઈ ભટ્ટે સાભાર સ્વીકાર કર્યો હતો.

# “મારી પાંખો અને ખુલ્લું આકાશ”



જ્યોતિબેન બારૈયા



**માલુબેન દાનુભાઈ ભમ્મર**
ગામ. કોબાડિયા, તાલુકો. જેસર,
જિલ્લો ભાવનગર.

માલુ એક ખેડૂત ની દીકરી છે જે જન્મથી જ સાંભળવાની ક્ષતિ ધરાવે છે. તે બે વર્ષની થઇ ત્યારે માતા-પિતાએ શ્રી શાહ ખી.લ. બહેરામૂંગા શાળામાં ઓડિયોગ્રામ રિપોર્ટ કરાવ્યાં, ત્યારે ખબર પડી કે ખરેખર આપણી દીકરી સાંભળતી નથી. સામાન્ય રીતે કોઈ પણ માતા-પિતાને ખબર પડે કે મારું બાળક સાંભળતું નથી, ત્યારે મુશ્કેલી અનુભવે છે, નિરાશ થાય છે, ઈશ્વર પાસે પોતાનો રોષ વ્યક્ત કરે છે, પરંતુ આ એવા માતાપિતા છે કે જેમણે શરૂઆતથી જ હિંમત રાખી કે ભલે આપણી દીકરી સાંભળતી નથી, થોડું વિશેષ ધ્યાન આપીશું, પરંતુ એનો ઉછેર કરવામાં કંઈ ખામી ન રહે એ આપણી જવાબદારી છે. પોતાની શ્રવણમંદ દીકરી માટે પિતાએ ગામડે ખેતીનો વ્યવસાય છોડી, ભાવનગર આવી અને હીરા ઘસવાનું કામ શરુ કર્યું. ભાડે મકાન રાખી અને દીકરીને ભાવનગરમાં જ અભ્યાસ કરાવવાનું નક્કી કર્યું. પિતા, માલુને સ્પીચ થેરપી માટે સંસ્થામાં લાવતા, પરંતુ પોતાની દીકરી એક સામાન્ય સમાજમાં જીવન જીવી શકે તેમાં કોઈ અડચણ ના આવે તે માટે સામાન્ય શાળામાં અભ્યાસ કરાવવાનું નક્કી કર્યું, પણ Hearing Aids ખરીદવા પૈસા ન હતા, તેથી શાળામા પ્રવેશ માટે વિનંતી કરી. કુટુંબમાં એક બહેન, અને બે ભાઈઓ છે, માલુ ઘરમાં સૌથી મોટી છે. ભાઈબહેન સામાન્ય છે. બીજા સંતાનોના પ્રમાણમાં માલુને ઉછેર કરવામાં માતાએ ખૂબ કાળજી લીધી, જે માલુના સંસ્કારમાં ઝળહળે છે, કુટુંબની આર્થીક સ્થિતિ નબળી છે, પરંતુ 'અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી', તેમ તેના માતાપિતાએ દીકરી માટે કરી છૂટવાની ધગશ જાળવી રાખી. દીકરી અભ્યાસમાં હોશિયાર હતી,પરંતુ Hearing Aids વગર સંભળાતું ન હોવાથી, અભ્યાસમાં મુશ્કેલી રહેતી. ધોરણ ૪ માં આવી ત્યારે Hearing Aidsની જરૂર પડી, શરૂઆતમાં મશીનથી માલુને થોડી મુશ્કેલીઓ થતી, પરંતુ ધીમે-ધીમે મશીન પહેરવાની ટેવ પાડી અને અભ્યાસની ગતિ વધુ ઝડપી બની. સામાન્ય શાળામાં માલુને એ મુશ્કેલીઓ રહેતી હતી કે કોઈ મિત્ર બનાવવા તૈયાર ન હતું. “આતો બહેરી છે.” થોડા વિદ્યાર્થીઓ મજાક કરતા, તો કોઈ માલુથી દૂર રહેવાનું પસંદ કરતા. આવી નાની-મોટી મુશ્કેલીઓ સહન કરી, માલુએ પોતાના અભ્યાસમાં વિશેષ ધ્યાન આપ્યું. ધો. ૯ માં આવી ત્યારે, એડમિશન માટે સંસ્થાના માધ્યમિક શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈનો સંપર્ક કર્યો. જેના દ્વારા સંસ્થાના માનદ્ મંત્રીશ્રી ડો. અશ્વિનભાઈ પંડ્યા સાહેબને રૂબરૂ મળવાનું થયું. આગળ અભ્યાસ માટે વધુ સારા Hearing Aidsની જરૂરિયાત ઊભી થઇ, પરિસ્થિતિ સામે લડી રહેલા ભમ્મર પરિવાર માટે આ વ્યવસ્થા કરવી મુશ્કેલ હતી. તેથી ખી.લ. બહેરાં-મૂંગા શાળાના માનદ્ મંત્રી ડૉ. અશ્વિનભાઈ પંડ્યા સાહેબે તાત્કાલિક ધોરણે દાતાના સહયોગથી Hearing Aidsની વ્યવસ્થા કરી આપી. ડૉ. અશ્વિનભાઈએ જણાવ્યું કે, “એક દીકરીના જીવનમાં અવાજનું અજવાળું જો ફેલાતું હોય, તો અમારી સંસ્થાનું કામ સાર્થક ગણાય.” બીજું Hearing Aid તેના પિતાએ વસાવ્યું. માલુને હવે બંને શ્રવણયંત્રના ઉપયોગથી સંભળાતું થયું. તેનો આત્મવિશ્વાસ મજબૂત બન્યો. ધોરણ 9 માં 79 ટકા મેળવ્યાં. ધોરણ 10 (બોર્ડની પરીક્ષા) 92 પર્સન્ટાઇલ રેન્ક સાથે પાસ કરી. ડૉ.અશ્વિનભાઈ પંડ્યા સમયાંતરે રૂબરૂ મુલાકાત કરતા તથા જરૂર પડે ત્યાં આર્થિક મદદ, Hearing Aidsની મદદ વિ. દ્વારા માલુના **દાદા** બનીને હંમેશા તેની સાથે ઊભા રહી, તેના પિતા ને પણ બાહેધરી આપી કે, 'આ દીકરી માટે જે જરૂર હોય તે અમે કરવા તૈયાર છીએ, તમે જ્યાં અટકો કે મૂંઝાવ ત્યારે અમારો

કે આપણી સંસ્થાનો સંપર્ક કરો', આમ માલુના પિતાની હિંમત જાળવવા તથા દરેક મુશ્કેલીમાં માલુની સાથે રહી ને પ્રેરણાદાયી પ્રોત્સાહન પૂરું પાડતાં રહ્યાં માલુએ પણ પોતાની બૌધ્ધિક શક્તિનો પૂરેપૂરો ઉપયોગ કરી, પોતાની પાંખો ખુલી મૂકી. માલુની પોતાની ઈચ્છા હતી કે મારે વિજ્ઞાન પ્રવાહના વિષય સાથે આગળ અભ્યાસ કરવો છે. તે મુજબ સાયન્સ સાથે ધોરણ 11 માં 92 ટકા અને ધોરણ 12 માં 93 પર્સન્ટાઈલ રેન્ક સાથે પાસ થઈ. આજે માલુ Hearing Aids પહેરીને સાઇન લેંગ્વેજ વગર, સામાન્ય વ્યક્તિની જેમ વાતચીત કરી શકે છે. સમધારણ સમાજની ધારામાં પુનર્વસન કરવાનું **શ્રેષ્ઠ ઉદાહરણ** આ દીકરી છે ! માલુના પિતાએ પણ પોતાની આર્થિક નબળાઈ હોવા છતાં, દીકરીના અભ્યાસમાં કંઈ ઘટે નહી તેની પૂરે-પૂરી કાળજી લીધી છે અને પોતાની દીકરીને સામાન્ય સમાજમાં પુનઃસ્થાપિત કરવાનું બીડું ઝડપ્યું છે. ડોક્ટર બનવું તે માલુની ઈચ્છા અને પિતાની લાગણી હતી ! પરંતુ M.B.B.S.માં પ્રવેશ મેળવવોનો રસ્તો કંઈ સહેલો નથી ! જો કે માલુના નિશ્ચય અને મહેનત સામે કોઈ પણ રસ્તો કપરો ન હતો ! જે માટે વર્ષ 2025 માં હાલમાં N.E.E.T. ની પરીક્ષા કોઈપણ ટ્યુશન વગર, ઘરે પોતાની જાતે અભ્યાસ કરીને પરીક્ષા આપી. જેમાં N.E.E.T. માં 320 માર્ક સાથે પાસ કરી, જે ઓલ ઇન્ડિયા રેન્ક 589 (PWD) પ્રાપ્ત કરેલ છે અને ઓલ ગુજરાત માં રેન્ક 17 (PWD) પ્રાપ્ત કરેલ છે. તથા 2025 હાલ ની J.E.E. ની પરીક્ષા 82 પર્સન્ટાઈલ રેન્ક સાથે પાસ કરી અને સંસ્થાના સહયોગ થી M.B.B.S. માટે મેડિકલ કોલેજમાં એડમિશન મેળવવા માટેની પ્રક્રિયા શરુ કરી. પરંતુ માલુ severe to profound hearing loss ધરાવે છે, તેથી N.E.E.T. ઓલ ઇન્ડિયા રેન્ક 589 (PWD) પાસ હોવા છતાં, શ્રવણમંદ હોવાના કારણે સરકારે મેડિકલ કોલેજ માં એડમિશન સંપૂણ રીતે કેન્સેલ કરી દીધું ! આ સમાચાર પરિવાર માટે અને ખાસ તો માલુ માટે દુઃખદ હતા. આ અંગે જાણ થતાં, સંસ્થાના સેવાભાવી ડૉ. અશ્વિનભાઈ પંડ્યાએ અંગત રીતે રસ લીધો અને ન્યાયસભર રીતે માલુના એડમિશન માટે સરકાર સમક્ષ અપીલ કરી. તેમની સમયસૂચક સહભાગિતા અને અવિરત પ્રયત્નો દ્વારા સરકારના જવાબદાર તંત્ર સાથે સંકલન સાધી, આ શ્રવણમંદ વિધાર્થી-માલુને ન્યાય મળે તે માટે દરેક શક્ય પ્રયત્નો કર્યા. અંતે, ડો.અશ્વિનભાઈ પંડ્યાની અપીલને સરકાર દ્વારા મંજુર કરવામાં આવી અને M.B.B.S. માટે મેડિકલ કોલેજમાં માલુનું એડમિશન જે સંપૂણ રીતે કેન્સેલ કરી દેવામાં આવ્યું હતું, તે એડમિશન. પુનઃસ્થાપિત કરવામાં આવ્યું છે. આજ જ્યારે આ સફળ ગાથા લખી રહી છું ત્યારે, માલુ એ M.B.B.S. માં પ્રવેશ મેળવી લીધો છે. તેમાં પણ માલુને ગમતી મેડિકલ કોલેજ, જે ગુજરાતની શ્રેષ્ઠ કોલેજ છે B.J. medical College, Ahmedabad પસંદ કરી છે. માલુના પિતા દાનુભાઈ આ શુભ સમાચાર જણાવતા ભાવ વિભોર બનીને કહે છે. કે "મારી દીકરીના આ વિકાસમાં પ્રાથમિકથી આજ સુધી તેના તમામ શિક્ષકો, વિરાણી શાળાના આચાર્યશ્રી, શ્રી અશ્વિનભાઈ જેઓ એ ફી લીધા વગર માલુ ને અભ્યાસ કરાવ્યો છે, વિરાણી સ્કૂલ દ્વારા ફી માં અમુક ટકા રાહત આપી, આજે તે સૌને યાદ કરી અભાર વ્યક્ત કરુ છું, શ્રી શાહ ખી.લ. બહેરામૂંગા શાળા ટ્રસ્ટના માધ્યમિક શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ દવે, વિશેષત: આ સંસ્થાના માનદ મંત્રી શ્રી ડો, અશ્વિનભાઈ પંડ્યા સાહેબ, આપ સર્વનો ઋણી છું, ખાસ તો ડો.અશ્વિનભાઈ પંડ્યા નો વિશેષ આભાર માનું છું કારણ કે મારી દીકરીનું એડમિશન સંપૂર્ણ કેન્સેલ થઇ ગયું હતું, તેમાં વિશેષ ધ્યાન આપી, દીકરીને તેનો હક અપાવવા ખૂબ જેહમત ઉઠાવીને માલુને એડમિશન પુનઃસ્થાપિત કરવી આપ્યું છે, તે માટે હું આપનો જીવનભર આભારી રહીશ".

"સૂરજ ઊગ્યો, કિરણો ફેલાયા,
પણ માલુના કાને કોઈ અવાજ ન આવ્યો.
સપનાઓ સજ્યા આંખોમાં,
પણ સાંભળ્યા વગર જીતવાના પડકાર હતા.
અક્ષરોને વાંચી, એણે શબ્દોને સમજ્યા,
મૌન રહીને, એણે જ્ઞાનને ઉજાગર કર્યું.
આકાશ સુધી પહોંચી,
તારલાઓ પણ શરમાયા."

દ્રઢ નિશ્ચય,પરિશ્રમ અને યોગ્ય માર્ગદર્શન જ્યારે સાથે મળે ત્યારે શારીરિક મર્યાદાઓ તેને રોકી શકતી નથી. તે પરસ્થિતિ સામે લડી બતાવ્યું અને ધ્યેય સિદ્ધ કરી બતાવ્યું. માલુ ભવિષ્યની ગુજરાતની પ્રથમ શ્રવણમંદ દીકરી ડોક્ટર બનશે, જે તેના માતાપિતા, સમગ્ર શ્રવણમંદ સમાજ તથા શ્રી શાહ ખી.લ. બહેરામૂંગા શાળા ટ્રસ્ટ ખૂબ ગૌરવની લાગણી અનુભવે છે. સંસ્થાના માનદ મંત્રીશ્રી ડો,અશ્વિનભાઇ પંડ્યા એ દીકરીને ગમે ત્યારે જરૂર પડે અમે અને અમારી સંસ્થા તેની સાથે અડીખમ ઉભા છીએ, તેવી સાંત્વના સાથે ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવી છે.

# PNR સોસાયટીમાં નવરાત્રી મહોત્સવની ઉજવણી



PNR સોસાયટી સંચાલિત, નટરાજ કોલેજ કેમ્પસમાં સેરીબ્રલ પાલ્સી સ્કૂલ, ઓટિઝમ, મલ્ટિપલ ડિસેબિલિટી અને કે. એન. શાહ હાઈટેક ઇન્કલુઝિવ સ્કૂલના દિવ્યાંગ તેમજ સક્ષમ વિદ્યાર્થીઓ, વાલીઓ અને સ્ટાફ માટે નવરાત્રી મહોત્સવનું આયોજન તા. ૨૬ ઓક્ટો. ના રોજ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિશ્રીઓ માનનીય કલેકટર ડો. મનિષકુમાર બંસલ, શ્રીમતી રીચાબેન બંસલ, શ્રીમતી અમરજ્યોતિબા ગોહિલ (મેનેજિંગ ટ્રસ્ટી અમરજ્યોતિ ગ્રુપ ઓફ સ્કૂલ્સ), શ્રીમતી રીમા ગાંગુલીજી, સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈ શાહ, સંસ્થાના મેનેજિંગ કમિટી મેમ્બર્સ સર્વ શ્રી પારસભાઈ શાહ, શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, શ્રી ધીરૂભાઈ ધંધુકિયા, શ્રી પ્રદીપભાઈ ભટ્ટ, શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી મહાસુખભાઈ જકડિયા વગેરે સહ પરિવાર, ખેલૈયાઓને ઉત્સાહ આપવા પધાર્યા હતાં. આ પ્રસંગે સ્વ. શ્રી તારાબેન દોશીની સ્મૃતિમાં આરતી ડીશ ડેકોરેશન, ટ્રેડિશનલ ડ્રેસ, તેમજ રાસ ગરબા હરીફાઈનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ૪૦૦થી વધુ ભાગ લેનાર ખેલૈયાઓને દાતાશ્રી હરેશભાઈ દોશી, હર્ષાબેન સંઘવી, શ્રી રીચાબેન બંસલ, કર્મરાજસિંહ ગોહિલ, ડો. કેયૂરભાઈ મહેતા, જયેશભાઈ જોશી, ધરમભાઈ ઠાકર, સોનલબેન દેસાઇ, ભાવનાબેન મજીઠિયા વિ. તરફથી ૪૦૦થી વધુ સંખ્યામાં આકર્ષક ઇનામોનું આમંત્રિતોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યમાં રાસ ગરબાની રમઝટ, સરગમ કરાઓકે ક્લબના ભવ્યભાઈ મહેતા અને તેની ટીમ દ્વારા જુના-નવા ગરબાઓની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

વિજેતાઓને પસંદ કરવા માટે શ્રીમતી નેહાલીબેન ભટ્ટ, શ્રીમતી અમીબેન ભટ્ટ, તેમજ શ્રીમતી કાશ્મીરાબેન ગણાત્રાએ સેવા આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સેક્રેટરી જનરલશ્રીના માર્ગદર્શન નીચે, બંને શાળાના આચાર્યશ્રીઓ, એડમીન ટીમ તથા સ્ટાફ ભાઈઓ-બહેનોએ સુંદર રીતે કર્યું હતું.



**નવયુગ નવરાત્રી :**

તા. ૨૫-૯ ના રોજ "નવયુગ નવરાત્રી" માં પી. એન. આર. સોસાયટી સંચાલિત 'નટરાજ' સી. પી. સ્કૂલ, તેમજ કે. એન. શાહ ઓટિઝમ સ્કૂલ અને દિશા કમ વિકાસ પ્રોજેક્ટના વિદ્યાર્થીઓ ખૂબ જ ઉત્સાહપૂર્વક ગરબા રમ્યાં. તેમજ રાસના તાલે ખૂબ ઘુમ્યાં જેમાં ૪૪ વિદ્યાર્થીઓ તેમજ ૧૦ વાલીશ્રીઓ અને ૧૧ સ્ટાફ દ્વારા ભાગ લેવામાં આવેલ. જેનું આયોજન હર્ષાબેન રામૈયા (MD), સ્મોલ વંડર દ્વારા કરવામાં આવેલ.

**અગ્રવાલ હૉલ ખાતે નવરાત્રિ આયોજન :**

તા. ૨૭/૦૯/૨૫ નાં રોજ અગ્રવાલ સમાજ હૉલ ખાતે નટરાજ સી.પી. સ્કૂલ તથા હાઈટેક સ્કૂલનાં કુલ ૭૫ બાળકો તેમજ ૨૦ સ્ટાફ નવરાત્રિની ઉજવણી કરવા ગયેલ. બાળકોને સુંદર ભોજન તથા ગિફ્ટનું વિતરણ કરવામાં આવેલ. બાળકોએ તેમની ક્ષમતા મુજબ ગરબા રમીને મા શક્તિની આરાધના કરેલ. આ સમગ્ર કાર્યક્રમ શ્રી અંબિકાબેન ટેકરીવાલ, શ્રી દિપ્તિબેન બંસલ તથા શ્રી પૂનમબેન દ્વારા આયોજન કરવામાં આવેલ.



# નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



વિભૂતિ વ્યાસ

## વાલી મિટીંગ :

તા. ૧૧-૯ ના રોજ પી. એન. આર. સોસાયટી સંચાલિત નટરાજ સી. પી. સ્કૂલ, કે. એન. શાહ ઓટિઝમ સ્કૂલ અને દિશા કમ વિકાસ પ્રોજેક્ટના વાલીઓની વાલી મિટીંગનું આયોજન કરેલ. જેમાં ૫૧ વાલીશ્રીઓ ઓફલાઇનના માધ્યમથી તથા ૯ વાલીશ્રીઓ ઓનલાઈનના માધ્યમથી મિટીંગમાં જોડાયા હતાં. મિટીંગ અંતર્ગત એક દિવસીય પ્રવાસની માહિતી તેમજ નવરાત્રી ગરબા આયોજન, સી. પી. દિવસની ઉજવણી, નિરામયા હેલ્થ પોલિસી, વાલી મંડળ, અન્નદાન યોજના અને AI આધારિત બાળકોને ઉપયોગી ગેમ્સની માહિતી આપવામાં આવી હતી. શ્રી જિજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન નીચે શ્રી કાર્તિકભાઈ વ્યાસ અને શ્રી જ્યોતિબેન પરમારે મિટીંગનું સંચાલન કર્યું હતું.

## સેમિનાર :

૬ સપ્ટેમ્બરે ડો. દીપક ગંજિવાલા અને તેમની વિદ્યાર્થીની ડૉ. ધ્રુવી શાહ (OT) તથા ટીમે "ફિઝિયોથેરાપીમાં ટેક્નોલૉજી (AI) નો ઉપયોગ" વિષય પર સેમિનાર રજૂ કર્યો. ત્યારબાદ તેમની બનાવેલી AI આધારિત થેરાપી પ્રોડક્ટનો ડેમો પ્રસ્તુત કર્યો. આ સેમિનારમાં પી. એન. આર. સોસાયટી સંચાલિત સી. પી. વિભાગના ફિઝિયોથેરાપિસ્ટ, ઓક્યૂપેશનલ થેરાપિસ્ટ અને સ્પેશિયલ એજ્યુકેટર્સે ભાગ લીધો. સત્રના અંતે સૌએ પોતાની મંતવ્યો અને સૂચનો આપી, પ્રોડક્ટને વધુ અસરકારક બનાવવા માટે માર્ગદર્શન આપ્યું. આ સેમિનારનો મુખ્ય હેતુ AI બેઝડ રમતો, દિવ્યાંગ બાળકોની ઓક્યુંપેશનલ થેરાપી તથા ફિઝિયોથેરાપી સારવારમાં કેવી રીતે અસરકારક કાર્ય કરીને સુધારાત્મક ઉપચારને વેગવંતો બનાવી શકે છે. તે શીખવા તથા પ્રત્યેક ઉદાહરણથી સમજવાનો હતો. જેનું આયોજન નટરાજ સી. પી. સ્કૂલના ઇન્ચાર્જ આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું તથા સંકલન ડો. પ્રવીણ દેશમુખ (OT) તથા ડૉ. કુનાલ મિસ્ત્રી (PT) એ કર્યું હતું.

## હસ્તગીરી/પાલિતાણા પ્રવાસ :

તા. ૧૦/૦૯/૨૦૨૫ને શુક્રવારના રોજ પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી.સ્કૂલ અંતર્ગત શાળાના દિવ્યાંગ બાળકોમાટે એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવેલ જેમાં સી.પી.સ્કૂલ તથા કે.એન.શાહ ઓટિઝમ સ્કૂલ અને દિશાંવિકાસ પ્રોઝેક્ટના કુલ ૩૩-બાળકો અને ૧૧-સ્ટાફ મેમ્બર એમ કુલ મળીને ૪૪ વ્યક્તિઓ સહભાગી થયેલ. આ પ્રવાસ અંતર્ગત સૌપ્રથમ બાળકોને હસ્તગિરી ખાતે લઈ જવામાં આવેલ તથા હસ્તગિરી ખાતેની ધર્મશાળાના ટ્રસ્ટીશ્રી નિરંજનભાઈ શાહ દ્વારા તમામ બાળકો અને સ્ટાફ માટે સવારના સ્વાદિષ્ટ નાસ્તાની વ્યવસ્થા સંપૂર્ણ નિઃશુલ્ક કરી આપવામાં આવેલ. ઉપરાંત તેઓએ સંસ્થા પરિવારને રૂ. ૨૦૦૦/-નું અનુદાન આપેલ. ત્યાંથી બાળકોને હસ્તગિરી પર્વતમાળા તથા ત્યાંના કુદરતી સૌંદર્યની અદ્ભુત અનુભૂતિ સાથે દેરાસરમાં શ્રી ઋષભસ્વામીના દર્શન કરાવવામાં આવેલ તથા ત્યાનાં ૭૨ જીનાલયની ઝાંખી કરાવવામાં આવેલ. ત્યારબાદ બપોરના ભોજન માટે પાલિતાણાની ઝાલાવાડ જૈન યાત્રિક ભવન ધર્મશાળા ખાતે લાવવામાં આવેલ, જ્યાં ધર્મશાળાના ટ્રસ્ટી શ્રી મુકેશભાઈ શાહ દ્વારા શાળાના બાળકો તથા સ્ટાફ માટે મિષ્ટાન-ફરસાણ સાથેના સ્વાદિષ્ટ ભોજનની તદ્દ્ન નિઃશુલ્ક વ્યવસ્થા કરી આપેલ. ઉપરાંત ભોજન બાદ તમામ બાળકો તથા સ્ટાફને રૂ. ૨૦ની પ્રભાવના આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ અને દાતાશ્રી શ્રીમતી પ્રિતીબેન શાહ દ્વારા બાળકોને અતિપ્રિય તેવો આઈસ્ક્રીમ ખવરાવવામાં આવેલ અને બાળકોને માંગલિક સૂત્ર સંભળાવી, તેઓના મંગલ જીવનની કામના કરવામાં આવેલ ત્યારબાદ બાળકોને શેત્રુંજી ડેમ ખાતે લઈ જવામાં આવેલ અને ત્યાંના કુદરતી સૌંદર્ય અને વહેતા પાણીના સુંદર દ્રશ્યો અને રમણીય વાતાવરણ વચ્ચે બાળકોએ અતિ આનંદની અનુભૂતિ કરેલ અને ત્યાથી પ્રવાસ ભાવનગર સુખરુપ પરત ફર્યા હતાં.






# કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ



ધીરુભાઈ ધંધુકિયા

**'સુગર બોર્ડ' :**

સ્કૂલમાં તારીખ 20/8/25 ના રોજ બાળકોમાં ખાંડના સેવનનું નિરીક્ષણ અને ઘટાડો કરવા 'સુગર બોર્ડની' સ્થાપના અને સાથે વર્કશોપનું આયોજન  કરવામાં આવેલ. બાળકોમાં ટાઈપ 2 ડાયાબિટીસમાં નોંધપાત્ર વધારો થયો છે.જે ચોકલેટ, ઠંડાપીણા, તેમજ જંકફૂડના કારણે જોવા મળે છે.આ ચિંતાજનક વલણ મુખ્યત્વે ખાંડના વધુ પડતા સેવનના કારણે છે. ખાંડનો વધુ પડતો વપરાશ માત્ર ડાયાબિટીસનું જોખમ જ નહીં, પરંતુ સ્થૂળતા,  દાંતની સમસ્યાઓ અને અન્ય મેટાબોલિક વિકૃતિઓમાં પણ ફાળો આપે છે. જે બાળકોના લાંબા ગાળાના સ્વાસ્થ્યને અસર કરે છે. સામાન્ય રીતે ખાવામાં આવતા ખોરાકમાં ખાંડનું પ્રમાણ બાળકોમાં ઘટે, તે અંતર્ગત આ વર્કશોપનું આયોજન કરેલ. જેનો હેતુ લાંબાગાળાના સ્વાસ્થ્યને પ્રોત્સાહન મળી રહે તેવો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડ્યાના માર્ગદર્શન નીચે તમામ શિક્ષકગણ દ્વારા કરવામાં આવ્યું હતું.

**'હેલ્થી ફૂડ ફેસ્ટિવલ' :**



સ્કૂલમાં તા.23/8/25 ના રોજ સરકારશ્રીના આદેશ મુજબ આનંદદાયી શનિવાર-6 'બેગલેસ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓમાં આરોગ્ય વિશે જાગૃતિ અને પોષણપ્રદ આહાર અંગે સમજ વધારવાના ઉદ્દેશ્યથી 'હેલ્થી ફૂડ ફેસ્ટિવલ'નું આયોજન કરવામાં આવેલ.આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને જંકફૂડથી દૂર રાખવાનો  અને સ્વસ્થ જીવનશૈલી કેળવવાનો હતો. જેથી તેઓ મેદસ્વિતાથી દૂર રહી શકે.દરેક ધોરણના વિદ્યાર્થીઓએ જાતે જ પૌષ્ટિક નાસ્તો બનાવેલ, જેમાં ગ્રીન સલાડ,ફ્રૂટ ડિશ,ચણા ચાટ, મસાલા પાપડ, મકાઈનો ચેવડો, લીંબુ સિકંજી જેવી વિવિધ વાનગીઓ ઉત્સાહપૂર્વક બનાવેલ. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સેક્રેટરી જનરલ શ્રી પારસ ભાઈ શાહ, કેતનભાઇ રૂપેરા અને જીગ્નેશભાઈ ઉપસ્થિત રહ્યાં હતાં. ત્યારબાદ દરેક વિદ્યાર્થીઓએ પોતાના નાસ્તો શ્રેણી બદ્ધ રીતે રજૂ કર્યો અને તેના પોષક તત્વો વિશે સમજ આપી. મહેમાન શ્રી, તેમજ આચાર્યશ્રીએ બાળકોએ તૈયાર કરેલ નાસ્તાની  પ્રશંસા કરી હતી. આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો.આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડ્યાના માર્ગદર્શન નીચે તમામ શિક્ષક ગણ દ્વારા કરવામાં આવ્યું હતું.

**શાળાકીય  રમતોત્સવની જિલ્લા કક્ષાની(SGFI) કરાટે સ્પર્ધા :**

સ્કૂલમાં, તાજેતરમાં ભાવનગર ખાતે યોજાયેલ શાળાકીય રમતોત્સવની જિલ્લા કક્ષાની કરાટે ટૂર્નામેન્ટમાં, હાઇટેક સ્કૂલના કુલ નવ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોએ ભાગ લીધેલ. તેમાંથી વાઘેલા ક્રિનલ અજયભાઈએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરીને, રાજ્ય કક્ષાએ પસંદગી પામેલ છે.જ્યારે મહેતા રુદ્ર અને મખ્યાવિયા સોનાક્ષીએ દ્વિતીય અને પિઠડીયા માહીએ તૃતીય સ્થાન પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધારેલ છે. દરેક  વિદ્યાર્થીઓની કરાટેના ક્ષેત્રમાં આ સિદ્ધિ પ્રાપ્ત કરવાં બદલ શાળા પરિવાર દ્વારા તેઓને શુભેચ્છાઓ  પાઠવવામાં આવી હતી.

**'નશામુક્ત ભારત અભિયાન :**

સ્કૂલમાં તા.૨૬/૮/૨૫ના રોજ 'નશામુક્ત ભારત અભિયાન' અંતર્ગત વિદ્યાર્થીઓમાં નશાની અનિષ્ટતા વિશે જાગૃતિ ફેલાવવા વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડ્યાએ નશીલા પદાર્થોના હાનિકારક પરિણામો વિશે સમજૂતી આપેલ. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય નશા જેવી આદતોથી યુવાધનને દૂર રાખવાનો તથા સ્વસ્થ,સુરક્ષિત અને જવાબદાર નાગરિક બનાવવાનો છે. આ કાર્યક્રમ અંતર્ગત ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬ થી ૮ ના વિદ્યાર્થીઓએ 'નશો છોડો જીવન બચાવો' ,'યુવા શક્તિનો દુશ્મન નશો' જેવા નારાઓ સાથે શાળાની આસપાસના વિસ્તારમાં રેલી યોજી હતી.કાર્યક્રમના અંતે તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ 'હું નશો ન કરું અને

અન્યને પણ રોકું' તેવા શપથ લીધા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડ્યાના માર્ગદર્શન હેઠળ તમામ શિક્ષક ગણ દ્વારા કરવામાં આવ્યું હતું.

**'ગણેશોત્સવ' :**



સ્કૂલનાં પટાંગણમાં તારીખ:-27-8-2025 બુધવારના રોજ, હર્ષોલ્લાસ સાથે પર્યાવરણીય સંવેદનશીલતા જાળવવા માટે, ઈકોફ્રેન્ડલી 'ગણેશ મહોત્સવનું' આયોજન કરવામાં આવ્યું હતું.ત્યારબાદ વાજતે-ગાજતે 'ગણપતિ બાપા મોરિયા' ના નાદ સાથે સ્વાગત કરી પરંપરાગત રીતે માટીમાંથી બનેલી મૂર્તિ, વિધિવત શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડ્યા, તેમજ શિક્ષકગણ દ્વારા સ્થાપિત કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં સંસ્થાના દિવ્યાંગ બાળકોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો અને ગણપતિ બાપાની આરતી કરવામાં આવી હતી. ચોથા દિવસે 56 ભોગ અને મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટીશ્રીઓ,સી.પી સ્કૂલના આચાર્ય,શિક્ષકગણ અને દિવ્યાંગ વિદ્યાર્થીઓ, તેમજ હાઈટેક સ્કૂલના આચાર્ય,શિક્ષક ગણ જોડાયાં હતાં. સી.પી સ્કૂલના આચાર્યશ્રી જીજ્ઞાબેનના જન્મદિવસ નિમિત્તે તેમના તરફથી મોદકની પ્રસાદી આપવામાં આવી હતી.પાંચ દિવસ સુધી ચાલેલા આ પવિત્ર ઉત્સવ દરમિયાન શાળાના આચાર્યશ્રી,દરેક શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ભક્તિભાવથી પૂજન અર્ચના કરી અને ભગવાન ગણેશજીને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કર્યો.પાંચમા દિવસે વિસર્જન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી અને તમામ શિક્ષકો દ્વારા ગણપતિ બાપાના વિસર્જન માટે શાળાના પટાંગણમાં લઈ જઈ અને "ઘરના ગણપતિ ઘરમાં" અંતર્ગત, મોટા ટબમાં જ વિસર્જન કરવામાં આવ્યું હતું.

**"શિક્ષક દિન" :**

સ્કૂલમાં ૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ "શિક્ષક દિન" ભારતના મહાન શિક્ષણવિદ્ અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિનના નિમિતે ઉજવાય છે. તેમણે જીવનભર શિક્ષણક્ષેત્રમાં વિશાળ યોગદાન આપ્યું હતું.આ કાર્યક્રમમાં ધોરણ ૫ થી 12 ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. દરેક વિદ્યાર્થીઓ દ્વારા અલગ અલગ વિષયોનો તાસ લઈને શિક્ષણકાર્ય કરાવવામાં આવ્યું હતું. તેમાં વિદ્યાર્થીઓએ આચાર્ય, શિક્ષક તેમજ પટ્ટાવાળા તરીકેની ભૂમિકા ભજવી હતી. આ દિવસની ઉજવણીનો હેતુ શિક્ષકોના મહત્વને સમજવાનો અને સમાજમાં તેમના અમૂલ્ય યોગદાનને ઓળખવાનો છે. તેમજ શિક્ષકો, સમાજની કરોડરજ્જુ છે.તેમજ શિક્ષકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો આ વિશેષ દિવસ છે, એવું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ તમામ શિક્ષકગણ દ્વારા કરવામાં આવેલ.

**'રંગોલી પાર્ક' ખાતે સ્થાનિક પ્રવાસ :**



તા.4-9-2025ના રોજ પી.એન.આર સોસાયટી સંચાલિત કે.એન શાહ હાઈટેક ઇન્ક્લુસિવ સ્કૂલમાં 'રંગોલી પાર્ક' ખાતે સ્થાનિક પ્રવાસનું આયોજન પી.એન.આર સંસ્થાના સહમંત્રી, મુંબઈ સ્થિત શ્રી પ્રકાશભાઈ દેસાઈ, તેમજ શ્રીમતી મધુબેન દેસાઈના સૌજન્યથી કરવામાં આવ્યું હતું. ખાસ જણાવવાનું કે શાળાની શરૂઆતથી અત્યાર સુધીના ઇતિહાસમાં આ પ્રકારના પ્રવાસનુ આયોજન પહેલી વખત કરવામાં આવ્યું હતું,જેમાં રંગોલી ખાતે નાસ્તાથી માંડીને ભોજન, તેમજ વાહન વ્યવહાર ખર્ચ દાતાશ્રી પ્રકાશભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવેલ.બાલમંદિર તેમજ ધોરણ 1 અને 3 ના કુલ 54 બાળકો તથા 10 શિક્ષકો એમ કુલ 64 વ્યક્તિઓ પ્રવાસમાં ગયા હતાં. પ્રવાસ સવારે 8:30 કલાકે ભાવનગરથી પ્રસ્થાન કરી અને રંગોલી પાર્ક ખાતે 9:00 કલાકે પહોંચ્યો હતો.ત્યાં જતા જ બાળકોને બટેટા પૌવાનો નાસ્તો આપવામાં આવેલ,ત્યારબાદ

ફનપાર્કમાં 8 થી 10 રાઇડ્સમાં બાળકોને બેસાડી, મનોરંજન કરાવેલ. તેમજ શિક્ષકોએ બાળકોને જુદી જુદી શૈક્ષણિક રમતો રમાડી હતી. ત્યારબાદ 12:30 કલાકે બાળકોને સ્વરુચી ભોજન, જેમાં પંજાબી સબ્જી, ડ્રાયફ્રુટ મઠ્ઠો, તવા રોટી, કટલેસ, દાળફ્રાય, જીરારાઈસ, છાશ,પાપડ,સલાડ પીરસવામાં આવ્યું હતું ત્યારબાદ બાળકોને થોડીવાર આરામ કરાવી, ત્યાં હોલમાં દરેક બાળકોને સંગીતના સથવારે ગરબા રમાડેલ. તેમજ વેસ્ટન ડાન્સ બાળકોએ કર્યો હતો. છેલ્લે બાળકોને ચોકોબાર કેન્ડીનું વિતરણ કરીને 3:30 કલાકે વરસાદી આહલાદક વાતાવરણ વચ્ચે શાળાએ 4:00 કલાકે પરત આવી, બાળકોને તેમના વાલીશ્રીઓને સુપ્રત કર્યા હતા. બાળકો સાથે શિક્ષકોને પણ આ પ્રવાસ યાદગાર બની રહે તેવો હતો. સહમંત્રી શ્રી પ્રકાશભાઈ દેસાઈ તરફથી આ પ્રવાસનું યોગદાન મળેલ, તે બદલ શ્રી કે. એન. શાહ હાઈટેક ઈન્કલુસિવ સ્કૂલ તેમનો ખૂબ-ખૂબ આભાર વ્યક્ત કરે છે.

**'આનંદદાયી શનિવારની'-7 :**

સ્કૂલમાં 'બેગલેસ ડે' અને 'આનંદદાયી શનિવારની' પ્રવૃત્તિઓ અંતર્ગત વિશિષ્ટ સંસ્થાઓને મુલાકાત માટે 'નાઇસ ધ પ્રાઇમરી સ્કૂલના' ધોરણ ૬ અને ૭માં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા કુલ 240 બાળકો અને તેમના શિક્ષકશ્રીઓ બે સેશનમાં પધારેલ. આપણી શાળામાં ચાલતા ઇન્ક્લુઝિવ શિક્ષણ અંગેની વિસ્તૃત માહિતી આચાર્યશ્રીએ આપી હતી. .ત્યારબાદ પી.એન.આર સંસ્થાના દરેક વિભાગમાં ચાલતી પ્રવૃત્તિની ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી હતી.તે જોયા બાદ તેમના બાળકો ખૂબ ભાવવિભોર બની ગયા હતા.દિવ્યાંગ બાળકોને કેવા પ્રકારનું શિક્ષણ અને થેરાપી અપાય છે, તેનાથી તેમને અવગત કરવામાં આવેલ. શાળાના વર્ગખંડો, કેમ્પસ અને ક્રિડાંગણ જોઈને બાળકો અને શિક્ષકો ખૂબ પ્રભાવિત થયાં હતા. અમારી શાળામાં દર શનિવારે મનોરંજક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.કાર્યક્રમની શરૂઆત બાલસભાથી કરવામાં આવેલ. જેમાં વિદ્યાર્થીઓએ અલગ અલગ બાળગીત, ભજન, ધુન રજૂ કરી પોતાની પ્રતિભાનું સરસ પ્રદર્શન કરે છે અને સમગ્ર વાતાવરણમાં સંગીતમય બનાવી દે છે. ત્યારબાદ એક વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો, તેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આજનો આનંદદાયી શનિવાર વિદ્યાર્થીઓ માટે આનંદ અને સ્વઅભિવ્યક્તિનો ઉત્તમ મંચ બની રહ્યો. આવા કાર્યક્રમો બાળકોના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ છે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ તમામ શિક્ષકગણ દ્વારા કરવામાં આવ્યું હતું.

**"આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ :**

દર વર્ષે 8 સપ્ટેમ્બરના રોજ UNESCO દ્વારા "આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ" મનાવવામાં આવે છે. જેના માધ્યમથી સાક્ષરતાનું મહત્વ ઉજાગર કરવામાં આવે છે અને ભવિષ્યની પેઢીને શિક્ષણ માટે પ્રેરિત કરવામાં આવે છે. આ અવસરે આ શાળામાં પણ આ દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી.બાળકોને P P T પ્રેઝન્ટેશન દ્વારા "સાક્ષરતા–ઉજળું ભવિષ્ય" વિષય પર દ્રશ્યલક્ષી સમજુતી આપવામાં આવી.જેમાં નીચેના મુદ્દાઓ આવરી લેવામાં આવ્યાં. સાક્ષરતાની વ્યાખ્યા,સમાજમાં સાક્ષરતાનું મહત્વ,બાળશ્રમ અને ડિજિટલ સાક્ષરતાનું પણ મહત્વ સમજવવામાં આવ્યું હતું.અંતે દરેક વિદ્યાર્થીઓએ પ્રતિજ્ઞા લીધી કે, “તેઓ પોતે શિક્ષિત બનશે અને અન્યને પણ શિક્ષણ માટે પ્રેરિત કરશે.” આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો, જે પૂરેપૂરી રીતે સિદ્ધ થયો.વિદ્યાર્થીમિત્રોએ ઉત્સાહથી ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવ્યો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડ્યાના માર્ગદર્શન હેઠળ તમામ શિક્ષકગણ દ્વારા કરવામાં આવેલ.

**શાળાઓમાં બનતી હિંસાત્મક ઘટનાઓ નિવારવા બાબતની મિટીંગ :**

તા.૧૦/૯/૨૦૨૫ને બુધવારનાં રોજ શ્રી જિલ્લા શિક્ષણાધિકારી આયોજીત, વિદ્યાર્થીઓ દ્વારા શાળાઓમાં બનતી હિંસાત્મક ઘટનાઓ નિવારવા બાબત શિવ-શક્તિ હોલ, ક્રેસન્ટ સર્કલ, ભાવનગર ખાતે મિટીંગનું આયોજન કરવામાં આવેલ. આ મિટીંગમાં માનનીય જિલ્લા પોલીસ અધ્યક્ષ શ્રી SP નિતેશ પાંડે સર,શ્રી PI સી.પી.વાઘેલા સર, કુરેશી સર, ચૌધરી સર તેમજ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી પઢેરિયા સર, ડોડિયા સર, બોર્ડ મેમ્બર શ્રી ભાવિનભાઈ આ મિટીંગમાં હાજર રહ્યાં હતાં. તેમાં સૌપ્રથમ પ્રસંગોચિત ઉદબોદન વાઘેલા સર દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ માનનીય સાહેબ શ્રી SP નિતેશ પાંડે સરે, શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ દ્વારા શાળાઓમાં બનતી હિંસાત્મક ઘટનાઓ નિવારવા તથા આવી ઘટનાઓ પ્રત્યે જાગૃતિ લાવવા અંગેનું માર્ગદર્શન અને જરૂરી માહિતીની ચર્ચા કરવામાં આવી હતી.સંસ્થાના સંચાલકો,આચાર્ય,વર્ગશિક્ષક અને વાલીશ્રીઓ પ્રત્યેની જવાબદારી અંગેના મુદ્દાઓ જણાવવામાં આવ્યાં હતા. કાઉન્સેલર, ફરિયાદ પેટી, દફતર ચેકિંગ,વાલી મિટીંગ અને વાલીશ્રીઓની જવાબદારી,તોફાની વિદ્યાર્થીઓની યાદી,દરેક શિક્ષકોએ એક્ટિવ રહેવું, ટ્રાફિક નિવારણ માટે જરૂર પડે તો ડ્રાઇવ ગોઠવવા, DEO ને જાણ કરવી, શિક્ષકોએ વિદ્યાર્થીઓને પૂર્ણ રીતે ઓળખવા. ડિટેક્ટર

વસાવવું, શાળા પરિસરમાં અઘટીત બનતા બનાવ માટે ૧૧૨ નંબર મા જાણ કરવી. CCTV કેમેરા, પૂરતો સિક્યુરિટી સ્ટાફ સજ્જ રાખવા જેવી બાબતોની ચર્ચા કરવામાં આવી. ત્યારબાદ સેશન-બેમાં DEO શ્રી પઢેરીયા સર દ્વારા શૈક્ષણિક કામગીરી સત્વરે કરવી, વિધાર્થીઓ તથા શિક્ષકની ઓનલાઇન હાજરી સમયાંતરે પૂરવી, જેવી અનેક શૈક્ષણિક સુચનાઓ આપવામાં આવી હતી.આ કાર્યક્રમની આભારવિધિ શ્રી ડોડિયા સાહેબે કરેલ.આ કાર્યક્રમમાં કે.એન.શાહ હાઇટેક ઇન્કલૂસિવ સ્કૂલનાં આચાર્યશ્રી હિતેનકુમાર પંડ્યા,સુપરવાઇઝરશ્રી દક્ષાબેન તથા શિક્ષિકશ્રી કાજલબેન પણ જોડાયાં હતાં.

**જિલ્લા કક્ષાનો સાયન્સ સેમિનાર-૨૦૨૫ :**

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર (સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ, ગુ.રા.) સ્થાપિત અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત, કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર આયોજિત, જિલ્લા કક્ષાનાં સાયન્સ સેમિનાર–૨૦૨૫ માં આપણી હાઇટેક ઇન્કલૂસિવ સ્કૂલનાં વિજ્ઞાન શિક્ષિકા શ્રી કૃતિબેન મહેતાનાં માર્ગદર્શન નીચે, ધોરણ–૯ અને ૧૦ ની વિધાર્થિનીઓ રાઠોડ વરદાયીનીબા અને ભટ્ટી જીનલ બહેને 'ક્વોન્ટમ યુગની શરૂઆત:' સંભાવનાઓ અને પડકારો' વિષય પર નેશનલ સાયન્સ સેમિનારમાં તા.12/09/2025 ને શુક્રવારનાં રિજીયોનલ સાયન્સ સેન્ટર દસ નાળા, નારી ખાતે ભાગ લીધેલ. આ સેમિનારમાં વિધાર્થિનીઓએ વ્યક્તિગત સ્વતંત્ર રજૂઆત, PPT/ચાર્ટ દ્વારા કરવામાં આવેલ.આ સેમિનારમાં ભાવનગર જિલ્લાની ૧૪૪ શાળાઓએ ભાગ લીધેલ છે.તેમાંથી ૧૧ શાળા સેમિફાઇનલમાં પસંદગી પામેલ. તેમાંથી આપણી હાઇટેક સ્કૂલની પણ પસંદગી સેમિફાઇનલ માટે થયેલ છે.ઉપરોક્ત સાયન્સ સેમિનારમાં આપણી શાળાનાં બાળકો ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરે, તેવી શાળા પરિવાર દ્વારા તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

**વાલી તરફથી અનુદાન :**

ધોરણ: 9 માં અભ્યાસ કરતા કુ.જાડેજા ધ્યાનસિંહ હિરભદ્રસિંહ તરફથી, ધોરણ: 10 ની વિધાર્થીની માંધલ પ્રેરણા કે જેમના વાલીની પરિસ્થિતિ અત્યંત ખરાબ હોવાથી, તેમની એક વર્ષની ફી રૂ.10400 જેટલી થાય છે, જે આખી ફી કુ.ધ્યાનના વાલીશ્રી તરફથી ભરી આપેલ છે. ઉપરોક્ત સેવા કરવા બદલ શ્રી કે. એન. શાહ. હાઇટેક ઇન્ક્લુઝિવ સ્કૂલ તેમનો ખૂબ-ખૂબ આભાર વ્યક્ત કરે છે.



## પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર



જીજ્ઞેશ પારેખ

**પ્લાસ્ટિક સર્જરી ૨૦૨૫-૨૬ :**

એપ્રિલ થી ઓગસ્ટ-૨૦૨૫ સુધીમાં કોન્જેનિટલ ડિફોરમિટી પ્રોજેક્ટ અન્વયે પ્લાસ્ટિક સર્જરી કેમ્પનું આયોજન ઈમ્પેક્ટ ફાઉંડેશન યુ.કે. ના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ ૧૨૨ બાળકોની તપાસ ડૉ નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન) દ્વારા કરવામાં આવી હતી. તે પૈકી ૧૧ કપાયેલાં હોઠ, ૦૮ તાળવામાં કાણું, 07 હાઇપોસ્પેડિયા ના ઓપરેશન મુંબઈના ડૉ નરેશ વાધવાએ કરી આપ્યા હતા. આ કેમ્પ ડૉ નીરવ ધોળકિયા અને ડૉ મેહુલ મોદી (એનેસ્થેટીક ડોક્ટર) તથા હોસ્પિટલ સ્ટાફની જહેમતથી સફળતાપૂર્વક કરવામાં આવ્યાં હતાં.

**Deafness Blindness Prevention Project :**

સંસ્થા દ્વારા પ્રવીણચંદ્ર દલાલ ડિસેબલ્ડ પ્રિવેન્શન સેન્ટરમાં વર્ષ ૨૦૨૫-'૨૬ માં ઇમ્પેક્ટ ફાઉન્ડેશન યુ. કે ના આર્થિક સહયોગથી શરૂ કર્યો છે આ પ્રોજેક્ટમાં વર્ષ દરમિયાન એક લાખ બાળકોના આંખ અને કાનની પ્રાથમિક તપાસ કરી રિફ્રેક્ટિવ એરરવાળા બાળકોને વિનામૂલ્યે ચશ્મા વિતરણ, તેમજ ત્રાંસી આંખ, ઢળેલી પાંપણ, બાળ મોતિયો તેમજ કાનમાં ઈયર ડિસચાર્જ બાળકોને ડોક્ટર દ્વારા નિદાન કરી, તેની સારવાર (સર્જરી) વિનામૂલ્યે કરી આપવામાં આવશે.

જૂન-૨૦૨૫ થી શાળાનું સત્ર શરૂ થતાં મહુવા તાલુકાની વિવિધ કેન્દ્રવર્તી શાળાની પ્રાથમિક શાળાઓમાં ૨૨૮૩૧ બાળકોનું પ્રાઇમરી સ્ક્રિનિંગ કરવામાં આવ્યું. તેમાંથી આંખની રિફ્રેક્ટિવ એરરવાળા ૮૪૮ બાળકો જોવા મળ્યાં હતાં. તે પૈકી ૫૪૦ બાળકોને ચશ્મા વિતરણ કરવામાં આવ્યું, અને કાનની વિવિધ તકલીફવાળા ૬૦૩ બાળકો જોવા મળ્યા હતા. તે પૈકી ૩૯૨ બાળકોને ENT CAMP નું આયોજન કરી બોલાવવામાં આવ્યાં હતાં. જેમાં ડૉ. અશોક બારૈયા, ઇ.એન.ટી. સર્જને બાળકોને તપાસી, પ્રિસ્ક્રાઇબ કર્યા તે મુજબ દવા આપવામાં આવી હતી. કાનની તકલીફવાળા બાળકોને પી.એન.આર. હોસ્પિટલમાં વધારાની ટ્રીટમેન્ટ માટે ૩૭ બાળકોને રિફર કર્યા તેમાથી સંસ્થાની હોસ્પીટલમાં ડૉ. અશોકભાઇ બારૈયા (ઇ.એન.ટી. સર્જન) Tympanoplasty અને Mastoidectomy with Tympanoplasty ની ૩૦ સર્જરી સફળતાપૂર્વક કરી આપવામાં આવી હતી.



# પી. એન. આર. હૉસ્પિટલ



✍ મહાસુખભાઈ જકડિયા

**ઓગસ્ટ`૨૫ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવી છે.**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર/ઓપરેશન સંખ્યા |
|---|---|---|
| ઓર્થોપેડિક | ૧૭૧ | ૦૩ ૦૧ |
| આંખ | ૧૨૮૬ | - ૩૪૮ |
| આંખની છારી | - | ૬૩ - |
| ઈ.એન.ટી. (કાન-નાક-ગળા) | ૨૩૮ | ૫૫ ૫૫ |
| ઓર્થોસ્કોપી | ૨૩ | - - |
| ઓર્થોડેન્ટલ | ૧૧૩ | ૬૬ - |
| જનરલ ઓપીડી | ૬૧૦ | - - |
| એક્ષ-રે | ૫૬ | - |
| લેબોરેટરી | ૩૭૬ | ૧૩૧૭ (ટેસ્ટ) |

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર/ઓપરેશન સંખ્યા |
|---|---|---|
| ચામડી | ૨૬ | - |
| આંખના પડદા | ૩૮ | ૦૬ |
| M. D. ફિઝીશ્યન વિભાગ | ૧૫ | - |
| **પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર** | | |
| પ્લાસ્ટિક સર્જરી | ૧૬ | ૧૦ |
| હેર ઈમ્પ્લાન્ટ | ૦૬ | ૦૬ |
| પીડિયાટ્રિક ડેન્ટલ | - | ૦૨ |

**આ માસ દરમિયાન કુલ 3640 દર્દીઓએ સારવારનો લાભ લીધો હતો.**

◈ **આ મહિનામાં સ્વાસ્થ્ય સંજીવની યોજના નીચે 91 લાભાર્થીઓએ રૂ. 10475/- ની સહાય મેળવેલ છે**

◈ **તથા મહાવીર મેડિકલ સહાય નીચે કુલ 02 લાભાર્થીઓએ રૂ. 600/- ની સહાય મેળવેલ છે.**

## PNR ટેકનોલોજી સેન્ટર, ભાવનગર દ્વારા
## ગારિયાધર તાલુકા માટે લેપટોપ વિતરણ તથા તાલીમ કાર્યક્રમ

તા. ૨૩-૯ ના રોજ કોમ્પ્યુટર ફંડામેન્ટલ - બેઝિક કોર્સ ની દ્વિતીય બેચ શરૂ થવા જઈ રહી હોવાથી, ગારિયાધાર તાલુકાના ૨૦ જેટલા દિવ્યાંગ ભાઈઓ-બહેનોને ઓનલાઈન તાલીમ અર્થે, સંસ્થા દ્વારા ૨૦ નંગ અદ્યતન લેપટોપ સાથે હેન્ડસફ્રી, તેમજ ઈન્ટરનેટ જોડાણ માટે પ્રિપેઈડ ડોંગલ જેવા સંસાધનો નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, અતિથિવિશેષ શ્રી રાજુભાઇ હકાણી ઉપસ્થિત રહ્યાં હતાં. આ તમામ વિદ્યાર્થીઓને સંસ્થા ખાતે વિદ્યાર્થી, તેમજ તેમના વાલી સાથે મીટીંગ કરી ઘરે બેઠાં તેઓ તાલીમ મેળવી શકે તેવા હેતુ સહ, ઓનલાઈન તાલીમ પધ્ધતિ અંગેનું માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન શ્રી પારસભાઈ શાહે તથા આભાર વિધિ શ્રી કિરીટભાઇ રાઠોડે કરી હતી. કાર્યક્રમનું સંકલન શ્રી સુકેતુ શાહ અને શ્રી મેહુલ બુધેલિયાએ કર્યું હતું.

**Current Active Batch Detail**

| Batch | Block | Disable | Normal | Total No Of Students |
|---|---|---|---|---|
| Online -DTP | Umrala | 20 | 0 | 20 |
| Online-M.S.Office(Basic) | Gariyadhar | 20 | 0 | 20 |
| Offline-M.S.Office(Basic) | Bhavnagar | 2 | 18 | 20 |
| K.N Shah Hitech Inclsive School | Std-4 To Std-9 | 28 | 160 | 188 |
| C.P. School | Std-4 To Std-8 | 61 | 0 | 61 |



# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

અમિત મિત્રા



**વોકેશનલ એક્ટિવિટી :**

પી.એન.આર. સોસાયટી સંચાલિત અને નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી દ્વારા ચલાવવામાં આવતા દિશા કમ વિકાસ પ્રોજેક્ટ દ્વારા બાળકો આર્થિક ઉપાર્જન કરતાં શીખે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત ઓગસ્ટ માસ દરમ્યાન બાળકોને પ્રિ- વોકેશનલ એક્ટિવિટીમાં બાળકોને નવરાત્રિ તહેવારની પૂર્વ તૈયારી રૂપે ગરબાનું ડેકોરેશન તથા સુશોભિત દીવડાને રંગ કરવાનું શીખવવામાં આવ્યું હતું.

**લોકલ પ્રોજેક્ટ કમિટી મિટીંગ :**

તા. 21/8/25 ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેક્ટની લોકલ કમિટી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સી.પી. સ્કૂલ અંતર્ગત 4 સપ્ટેમ્બરના દિવસે શિક્ષક દિવસની ઉજવણી કરવા, દિશા કમ વિકાસ પ્રોજેક્ટ અંતર્ગત પ્રિવોકેશનલ એક્ટિવિટી વિષે માહિતી અંગેના સેમિનારનું આયોજન વિગેરે કરવા, દિશા કમ વિકાસ પ્રોજેક્ટ અંતર્ગત નવા બાબતનો સમવેશ થયો હતો. કુલ 30 વાલી હાજર રહ્યાં હતાં.

**વોકેશનલ તાલીમ સેમિનાર :**

તા. 15/8/25 ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેક્ટ અંતર્ગત શ્રી રીનાબેન વસોયા દ્વારા વિદ્યાર્થીઓની વોકેશનલ તાલીમ વિશે વાલીઓને માર્ગદર્શન આપવામાં આવેલ. જેમાં પોસ્ટરના મધ્યમથી 1 4 વર્ષથી વધારે ઉંમર ધરાવતા વિદ્યાર્થીઓને વોકેશનલ ટ્રેનિંગ દ્વારા પોતાની જાતે કેવી રીતે સ્વ નિર્ભર બનાવી શકાય ? તેના વિશે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડેલ અને વાલીઓની સમસ્યાઓનો ઉકેલ લાવ્યાં હતાં.

**શિક્ષક દિનની ઉજવણી :**

તા. 4/9/25 ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેક્ટના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટા વિદ્યાર્થીઓએ નાના વિદ્યાર્થીઓને એજ્યુકેશન આપ્યું હતું. નાના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક બનેલ વિદ્યાર્થીઓનું પુષ્પ ગુચ્છ આપીને અભિવાદન કરવામાં આવ્યું હતું.



# અંબા સી.પી. હોસ્ટેલ

## ઓગસ્ટ- સપ્ટેમ્બર-૨૦૨૫

લાલજી પંડયા



**નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવંગત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવ્યો હતો.**

### ભોજન / મિષ્ટાન

- તા. ૧૯-૮ ના રોજ શ્રી મહિપાલસિંહ ગોહિલ...
- તા. ૨૫-૮ ના રોજ શ્રી રાજેન્દ્રસિંહ ગોહિલ...
- તા. ૦૯-૯ ના રોજ શ્રી ચિરાગભાઈ શાહ...
- તા. ૦૯-૯ ના રોજ શ્રી વર્ષાબેન પટેલ...
- તા. ૧૧-૯ ના રોજ શ્રી પ્રતિભાબેન શાહ...
- તા. ૧૨-૯ ના રોજ શ્રી નીતિનભાઈ દેસાઈ...
- તા. ૧૪-૯ ના રોજ શ્રી મોહનભાઈ વઘાસીયા...
- તા. ૧૫-૯ ના રોજ શ્રી કલ્પેશભાઈ ગોહિલ...
- તા. ૧૬-૯ ના રોજ શ્રી ધીરૂભાઈ ગોહિલ...

### નાસ્તો

- તા. ૨૩-૮ ના રોજ એક શુભેચ્છક...
- તા. ૨૪-૮ ના રોજ એક શુભેચ્છક...
- તા. ૩૦-૮ ના રોજ શ્રી પીયુષભાઈ ઘેડિયા...
- તા. ૩૧-૮ ના રોજ શ્રી અશ્વિનભાઈ મેર...
- તા. ૦૬-૯ ના રોજ એક શુભેચ્છક...
- તા. ૦૬-૯ ના રોજ શ્રી અશોકભાઈ ઇટાલિયા...
- તા. ૦૭-૯ ના રોજ એક શુભેચ્છક...
- તા. ૦૮-૯ ના રોજ એક શુભેચ્છક...
- તા. ૦૮-૯ ના રોજ શ્રી મહાવીરસિંહ ઝાલા...
- તા. ૦૯-૯ ના રોજ શ્રી નીતિનભાઈ વેલાણી...
- તા. ૧૦-૯ ના રોજ શ્રી નરેશભાઈ મુંજાણી...
- તા. ૧૧-૯ ના રોજ શ્રી મનન્તીબેન વડોદરિયા...
- તા. ૧૨-૯ ના રોજ શ્રી દિમીબેન રાજ્યગુરુ...
- તા. ૧૩-૯ ના રોજ શ્રી સંગીતાબેન...
- તા. ૧૪-૯ ના રોજ એક શુભેચ્છક...
- તા. ૧૫-૯ ના રોજ શ્રી યોગરાજસિંહ જાડેજા...
- તા. ૧૬-૯ ના રોજ શ્રી નરેન્દ્રસિંહ ગોહિલ...





# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)



ગજાનંદ ભટ્ટ

## શિક્ષક દિનની ઉજવણી :




પ્રાથમિક વિભાગમાં શિક્ષક દિનની ઉજવણી ખૂબ ઉત્સાહથી કરવામાં આવી. જે અંતર્ગત ધો. ૨ ના તમામ વિદ્યાર્થીઓએ બાળવર્ગથી ધો. ૭ સુધીના વર્ગખંડોમાં વર્ગ શિક્ષક, વિષય શિક્ષક, ઉધોગ શિક્ષક, ચિત્ર શિક્ષક, તથા રમત શિક્ષકની ભૂમિકા સુંદર રીતે ભજવી. આ દિવસે આચાર્યા તરીકેની કામગીરી ધો. ૨ ની વિદ્યાર્થીની તનિશા હડિયાએ નિભાવી. દિવસ દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ કાર્યનું અવલોકન કરી, શાળાના મંત્રીશ્રી, આચાર્યશ્રી તથા અન્ય શિક્ષકશ્રીઓએ ખૂબ-ખૂબ અભિનંદન આપ્યાં તથા પ્રોત્સાહનરૂપે પાઉચ ભેટમાં આપ્યાં.

આ તબક્કે રોજ-રોજ શિક્ષકશ્રીઓના કાબુ બહાર જનાર તોફાની તારકને, પોતાના જ સાથી મિત્રોને શિક્ષક બનેલ જોઈને ખૂબ શિસ્ત દાખવી, તે જોઈ અતિ આનંદની અનુભૂતિ થઈ.

આ દિવસે ડો. રાધાકૃષ્ણન વિશેની માહિતિ પ્રાપ્ત કરી, વિદ્યાર્થીઓએ કઇંક નવું મેળવ્યું. નવું જાણ્યું. જેમાં તેઓની શ્રવણમંદતા ક્યાંય નડતી ન હતી અને સૌએ ખૂબ આનંદ ઉત્સાહથી આ દિનની ઉજવણી કરી. આ પ્રોજેક્ટને સફળ બનાવવા શ્રી મુકતાબેન તથા શ્રી વૃંદાબા અને શ્રી ફાલ્ગુનીબેન ખાટસૂરિયાએ ઘણી જહેમત ઉઠાવી હતી.

## વાલી સભા :

પ્રાથમિક શાળાના બાળવર્ગથી ધો. ૫ સુધીના તમામ વાલી મિત્રો સાથે સંસ્થાના માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઇ પંડયાએ વાર્તાલાપ ગોઠવ્યો હતો. જેમાં ગુજરાતની સૌ પ્રથમ MBBS માં પ્રવેશ પામનાર શ્રવણમંદ દીકરી માલુ દાનુભાઈ, તેના પિતા સાથે હાજર રહી હતી. આ દીકરીની સંઘર્ષ ગાથા, તેના પિતા તથા સંસ્થાના માનદ્ મંત્રીએ વાલીગણ સમક્ષ રજૂ કરી હતી. તથા વાલીઓને પોતાના શ્રવણમંદ બાળકોની પ્રગતિ વિશે વધુ વિચારશીલ બની, વાણીવિકાસ કરવા અને નોર્મલ સમાજમાં કઈ રીતે પ્રસ્થાપિત કરી શકાય? તે અંગે મહત્વની જાણકારી આપી હતી. વધુમાં માનદ્ મંત્રી શ્રી અશ્વિનભાઈએ, દીકરી માલુના તમામ ખર્ચની બાંહેધરી લેવાની ઘોષણા કરી, જે અતિ પ્રશંસનીય છે. ત્યાં હાજર રહેલા તમામ વાલીગણ. શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી દક્ષાબેન સાવજીયાણી તથા શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયાએ, ચિ. માલુના ઉજ્જવળ ભવિષ્યની ખૂબ-ખૂબ શુભકામનાઓ સાથે અભિનંદન પાઠવ્યાં હતાં.

## "ગણપતિ બાપા મોરયા" :



પ્રાથમિક શાળામાં ભણતા નર્સરીથી ધો. ૨ સુધીના બાળકોએ તા. ૩-૮ ને શનિવારે 'વાઘાવાડી ના રાજા' ગણપતિના દર્શન કરવા માટે ૩૯ બાળકો, ૩ શિક્ષકો અને ૧ પટ્ટાવાળા ગયા હતાં. ત્યાં ઉપસ્થિત સેવક સમુદાય, શ્રવણમંદ બાળકો અને શિક્ષકોને ગણપતિના દર્શને આવવા બદલ ખૂબ ખુશી વ્યક્ત કરી હતી. બાળકો અને સાથે રહેલ કર્મવીરોએ ગણપતિના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. બધાએ ગણપતિ બાપાની પ્રસાદીનો પણ લાભ મળ્યો. બધા બાળકો અને શિક્ષકોએ ગણપતિના આશીર્વાદ મેળવી ખૂબ ખુશી વ્યક્ત કરી હતી.



# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા



ધ્રુવીબેન ચાવડા

મહેતા છાત્રાલયના એન્ટ્રી ગેઈટ પાસે આવેલ ગણેશજીની મૂર્તિ એ મૂકબધિર વિદ્યાર્થીઓ માટે આસ્થાનું કેન્દ્ર બની રહેલ હતી. ઘણા બધા વર્ષો પહેલા આ સ્થાપિત કરેલી મૂર્તિ, વરસાદ અને તડકાના લીધે રંગરૂપ ગુમાવી બેઠી હતી. જે સંદર્ભે સંસ્થાના માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયાએ ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષિકાબેન શ્રી અનુપાબેન શાહને આ કામ અંગેની જવાબદારી અને માર્ગદર્શન આપ્યું.

માનદ્ મંત્રીશ્રીના માર્ગદર્શન મુજબ ધો. ૯ અને ધો. ૧૧ ની દીકરીઓ ફેન્સી પટોરિયા, હિરલ બારૈયા, પ્રિયંકા સેજપાલ, સાક્ષીબા ગોહિલ, મનીષા, નંદિની એમ કુલ ૬ દીકરીઓએ ગણેશજીની મૂર્તિને સાફ-સફાઇ કરી અને પરમેનેન્ટ કલરથી રંગરોગાન કર્યું અને બે જ દિવસમાં નવા રૂપરંગ સાથે આ મૂર્તિને જીવંત કરી.

છાત્રાલયમાં રહેતી દિવ્યાંગ દીકરીઓ અને નાના બાળકો નવી મૂર્તિ જોઈને આનંદિત થઇ ગયા હતાં. શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે અને ટ્રસ્ટીશ્રીઓએ શ્રી અનુપાબેન અને દીકરીઓને અભિનંદન પાઠવ્યાં હતા.

**ગણેશોત્સવ:**



શાળામાં તા. ૨૭-૮ થી ૨૯-૮ સુધી ૩ દિવસ વિશિષ્ટ રીતે ખૂબ જ ઉત્સાહભેર ગણેશોત્સવ ઉજવવામાં આવ્યાં. જેમાં સર્વે ટ્રસ્ટીગણ, પ્રમુખશ્રી ગિરીશભાઈ શાહ, માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયા, ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, શ્રી અમિતભાઈ શાહ, શ્રી કિરીટભાઈ સોની, શ્રી આનંદભાઈ શાહ, શ્રી મીતાબેન ઓઝા, શ્રી બિંદીબેન ત્રિવેદી, માધ્યમિક શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે, પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી ફાલ્ગુનીબેન ખાટસૂરિયા, શ્રી અશોકભાઈ ખાટસૂરિયા, માધ્યમિક શાળાના તમામ શિક્ષકો તથા ધો. ૧ થી ૧૨ ના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો જોડાયા હતાં. મહેતા છાત્રાલયમાંથી બેન્ડ સાથે ગણપતિની મૂર્તિ શાળામાં લાવવામાં આવી હતી. ત્યારબાદ ટ્રસ્ટીશ્રીઓ દ્વારા મૂર્તિ સ્થાપના અને મૂર્તિ પૂજન કરવામાં આવ્યું હતું. ગૃહમાતા શ્રી સોનલબેન દ્વારા તૈયાર કરાવવામાં આવેલ લાડુની પ્રસાદી વહેચવામાં આવી.

તા. ૨૮-૮ એ માધ્ય. અને ઉચ્ચતર માધ્ય. ના વિદ્યાર્થીઓ તથા સ્ટાફ દ્વારા ભગવાન ગણેશની આરતી કરી, થાળ ધરી, વિસર્જન કરવામાં આવેલ. વિસર્જન સમયે ભગવાન ગણેશની મૂર્તિ દરેક વર્ગ તથા સમગ્ર શાળા અને હોસ્ટેલમાં ફેરવી, શાળાની તમામ જગ્યાએથી ગણપતીજી વિઘ્નો દૂર કરે તે હેતુથી પ્રાર્થના કરવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ, શાળાના માનદ્ મંત્રીશ્રી ડો. અશ્વિનભાઈ પંડયાના માર્ગદર્શન હેઠળ કરેલ હતું. સમગ્ર ગણેશોત્સવની સંપૂર્ણ જવાબદારી માધ્યમિક શાળાના શિક્ષિકા બહેનો શ્રી જ્યોતિબેન બારૈયા, શ્રી અનુપાબેન શાહ, શ્રી ધ્રુવીબેન ચાવડા, શ્રી ઉજ્જવલાબેન વ્યાસ, શ્રી હિમાક્ષીબેન મકવાણા, શ્રી પ્રિયંકાબેન વ્યાસે નિભાવી હતી.

**'શિક્ષક દિન' :**



શાળામાં દર વર્ષની જેમ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસના અવસરે તા. ૫ સપ્ટેમ્બર ના રોજ શિક્ષક દિનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૪ વિદ્યાર્થીઓ તેમજ ૯ વિદ્યાર્થીનીઓ એમ કુલ ૨૩ વિદ્યાર્થીઓએ ભાગ લઈ જુદા-જુદા વિષયના શિક્ષક, આચાર્ય, કમ્પ્યુટર અને આઇ. ટી. શિક્ષક, રમત શિક્ષક, પટ્ટાવાળા, ક્લાર્ક, તેમજ મંત્રી અને ગૃહમાતા તથા ગૃહપતિની કામગીરી ખૂબ જ ઉત્સાહપૂર્વક કરી હતી.

દરરોજ વિદ્યાર્થી તરીકે રહીને ભણતા વિદ્યાર્થીઓને

શિક્ષક બનીને ભણાવવાનો ખૂબ જ આનંદ થયો. પ્રાર્થના કરાવવાથી લઈને, વિષય અને ફાળવેલ સમય પત્રક મુજબ પોતાના વર્ગો લેવા, સ્માર્ટ બોર્ડ તેમજ બોર્ડ, વર્ક દ્વારા સર્વે બાળ શિક્ષકોએ પોતાનું કાર્ય ખૂબ જ નિષ્ઠાપૂર્વક કર્યું હતું.

ત્યારબાદ સહુ ઓડિટોરિયમમાં ભેગા થયા અને બાળ શિક્ષકો દ્વારા જ આખા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું અને સર્વે બાળ શિક્ષકોએ પોતાના અનુભવ જણાવ્યાં. ત્યારબાદ દરેકને સર્ટિફિકેટ, પાઉચની ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ બધા વિદ્યાર્થીઓની કામગીરીના ખૂબ જ વખાણ કર્યા હતાં. શાળાના માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયાએ સહુ બાળ શિક્ષકોને અભિનંદન આપ્યાં હતાં. આ સર્વે કાર્યક્રમનું સંચાલન શિક્ષક શ્રી પ્રિયંકાબેન પંડયા, શ્રી હિમાક્ષીબેન મકવાણા, શ્રી હાર્દિકભાઈ આકરવાલા અને શ્રી હિતેશભાઈ રૂપારેલિયાએ કર્યું હતું. શિક્ષક બનેલા વિદ્યાર્થીઓ તેમજ અન્ય કામગીરી કરનાર વિદ્યાર્થીઓના નામ આ સાથે જોડેલ છે.

**શિક્ષક દિનના દિવસે બનેલા શિક્ષકોની યાદી**

**વિદ્યાર્થીઓ - ધો. ૧૦**

૧. અશરફ જાવેદભાઈ મન્સૂરી-ગણિત
૨. પ્રાચી મહેશભાઈ ચુડાસમા-ગણિત
૩. યુવરાજ હાજાભાઈ ડોડિયા-વિજ્ઞાન
૪. મહેક હરેશભાઈ સેવાણી-સમાજ વિદ્યા
૫. આસુ મફાભાઈ ચૌધરી-અંગ્રેજી
૬. જૈનબ તોફીકહુસૈનઅલી કેશવાણી-અંગ્રેજી
૭. મુકેશ વશરામભાઈ કોટડિયા-ગુજરાતી
૮. વેદ ચિંતનભાઈ કોઠારી-IT
૯. હાવા દુદાભાઈ રાજપૂત-અંગ્રેજી ગ્રામર
૧૦. સોનલ ભિમાણી-IT
૧૧. સફિયા સોહિલભાઈ લાખાણી-અંગ્રેજી ગ્રામર
૧૨. પૃથ્વીરાજ કિરીટભાઈ મોરી-રમત
૧૩. વિવેક દશરથજી ઠાકોર-પટ્ટાવાળા
૧૪. કિંજલ અશ્વિનભાઈ ઝાપડિયા-પટ્ટાવાળા
૧૫. આરાધના રાઘવભાઈ બામ્બા-કોમ્પ્યુટર

**વિદ્યાર્થીઓ - ધો. ૧૨**

૧. આરતી દેવાયતભાઈ કામળિયા-ગુજરાતી
૨. જતીન શૈલેષભાઈ બાવળિયા-અર્થશાસ્ત્ર
૩. જાગૃતિ ભીમરાવભાઈ વાલહે- અંગ્રેજી
૪. મહેશ ભનુભાઈ ભાલિયા-વાણિજ્ય વ્યવસ્થા
૫. ઉત્તમ ભૂપતભાઈ પરમાર-આંકડાશાસ્ત્ર
૬. પ્રિયંક જયસુખભાઈ પાનસેરિયા-નામુ
૭. નિકેન દિનેશભાઈ વાઢેર-રમત
૮. રવિના ભાયાભાઈ રાઠોડ-કોમ્પ્યુટર
૯. હરખાભાઈ ભરતભાઈ કોરડિયા-પટ્ટાવાળા
૧૦. શર્મિલ નાકિયા-મંત્રીશ્રી
૧૧. જીજ્ઞા વાણિયા-આચાર્યશ્રી
૧૨. મયુર કળસરિયા-CMP (ગૃહપતિ)
૧૩. દિપીકા શિયાળ-મહેતા છાત્રાલય (ગૃહમાતા)

# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા
## લાઈબ્રેરી વિભાગ



ઝરણા ત્રિવેદી (લાઈબ્રેરીયન)

**શાળામાં રહેલ વાર્તા સંગ્રહ**

| વાર્તાઓ | લેખક |
|---|---|
| ૧. પશુ પરાક્રમ કથાઓ | હરિશ નાયક |
| ૨. સ્વાર્થી રીન્કુ | - |
| ૩. જેવા સાથે તેવા | - |
| ૪. હાથી અને કીડી | - |
| ૫. ઉપકારનો બદલો | મધુકાની પ્રજાપતિ |
| ૬. જંગલમાં પશુઓની ચુંટણી | પ્રભુલાલ દોશી |
| ૭. સુંદર બોધ કથાઓ ભાગ-૧ | હરીશ નાયક |
| ૮. કાબુલીવાલા | - |
| ૯. અજબ-ગજબની કથાઓ | વિજ્ઞાનનગરી |
| ૧૦. પોચકીમલ પહેલવાન | જ્યોતિ જાની |
| ૧૧. લાલચુ કૂતરો | - |
| ૧૨. વેપારી અને તેના દીકરા | - |
| ૧૩. પ્રમાણિક કઠિયારો | - |



# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા
## મહેતા છાત્રાલય



✍ સ્નેહાબેન જોષી

- તા. ૧૨-૮ ના રોજ બપોર/સાંજ શ્રી સંતોષભાઈ કામદારના જન્મદિવસ નિમિત્તે બાળકોને મિષ્ટાન, ભોજન કરાવ્યું હતું.
- તા. ૨૫-૮ ના રોજ સ્વ. શ્રી વિનોદરાય જુગલદાસ મોદીના સ્મરણાર્થે, દર વર્ષની જેમ આ વર્ષે પણ બાળકોને પ્રિય તેવા ઢોસા, મન્ચુરિયન, સાંજે છાત્રાલયમાં જ લાઈવ બનાવેલ અને બાળકોને ખૂબજ પ્રેમથી માનદ્ મંત્રી શ્રી અશ્વિનભાઈએ જમાડ્યાં હતાં.
- તા. ૨૭-૮ ના રોજ ગણેશ ચતુર્થીની ઉજવણી કરી હતી. જેમાં છાત્રાલયમાં સ્થાપિત ગણપતિ બાપાની મૂર્તિની પૂજા કરી, તેમજ ૧૦૧ લાડુ છાત્રાલાયમાં જ બનાવેલ અને દાદાને પ્રસાદ ધરાવેલ હતો. બાળકોએ ખૂબ જ આનંદ સાથે આરતી, થાળી કરેલ હતી.
- છાત્રાલયના બધા જ બાળકોને 'વાઘાવાડી કા રાજા' વિઘ્નહર્તા ગણપતિ બાપાના દર્શન કરવા લઈ ગયા હતાં. બાળકોએ દાદાના દર્શન કરીને ખૂબજ આનંદ અનુભવેલ હતો. સાથે ગૃહમાતા તથા છાત્રાલય સ્ટાફ પણ બાળકો સાથે જોડાયા હતાં.
- તા. ૨૯-૮ ના રોજ જૈન સમાજના વર્ષિતપ નિમિત્તે નાસ્તો કરાવવામાં આવ્યો હતો.
- તા. ૯-૯ ના રોજ સ્વ. શ્રી શ્યામભાઈના સ્મરણાર્થે બાળકોને મિષ્ટાન સાથે ભોજન કરાવ્યું હતું.
- તા. ૧૦-૯ ના રોજ માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયાના પિતાશ્રી સ્વ. શ્રી ગૌરીશંકર રુગનાથ પંડયાના શ્રાધ્ધ નિમિત્તે બાળકોને દૂધપાક સાથે ભોજન કરાવ્યું હતું.
- તા. ૧૦-૯ ના રોજ એક દાતાશ્રી (હસ્તે. અશ્વિનભાઈ પંડયા) તરફથી બળકોને પીઝા અને કોલ્ડ્રિંક્સ અનલિમિટેડ છાત્રાલયમાં લાઈવ બનાવીને સાંજે જમાડ્યાં હતાં.
- તા. ૧૧-૯ ના રોજ માનનીય શ્રી જીતુભાઈ વાઘાણીના જન્મદિવસે બાળકોને મિષ્ટાન ભોજન કરાવ્યું હતું. બાળકોએ ખૂબ જ સરસ કેક બોર્ડ પર ડ્રોઈંગ કરી, શ્રી જીતુભાઈને જન્મદિવસની શુભકામના પાઠવી હતી.

ભોજન સમયે માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ રાઉન્ડ લેવા આવે ત્યારે, બાળકો અવનવી વેરાઈટીઓની માંગ કરતાં હોય તે વાતને યાદ રાખીને ડો. અશ્વિનભાઈ પંડયાએ બાળકોની ઈચ્છા મુજબ ભોજન કરાવવાનું પ્લાનિંગ કરતાં હોય છે.

આવા ઘણાં બધા દાતાશ્રીઓ પોતાના સ્વજનના જન્મદિવસ, તેમજ શ્રાધ્ધ નિમિત્તે બાળકોને ભોજન/નાસ્તો કરાવતા હોય છે.



# શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ
## છાત્રાલય



- તા. ૧૨-૮ ના રોજ બપોર/સાંજ શ્રી સંતોષભાઈ કામદારના જન્મદિવસ નિમિત્તે બાળકોને મિષ્ટાન, ભોજન કરાવ્યું હતું.
- તા. ૨૫-૮ ના રોજ સ્વ. શ્રી વિનોદરાય જુગલદાસ મોદીના સ્મરણાર્થે, દર વર્ષની જેમ આ વર્ષે પણ બાળકોને પ્રિય તેવા ઢોસા, મન્ચુરિયન, સાંજે છાત્રાલયમાં જ લાઈવ બનાવેલ અને બાળકોને ખૂબજ પ્રેમથી માનદ્ મંત્રી શ્રી અશ્વિનભાઈએ જમાડ્યા હતાં.
- તા. ૨૭-૮ ના રોજ ગણેશ ચતુર્થીની ઉજવણી કરી હતી. જેમાં છાત્રાલયમાં સ્થાપિત ગણપતિ બાપાની મૂર્તિની પૂજા કરી, તેમજ ૧૦૧ લાડુ છાત્રાલાયમાં જ બનાવેલ અને દાદાને પ્રસાદ ધરાવેલ હતો. બાળકોએ ખૂબ જ આનંદ સાથે આરતી, થાળી કરેલ હતી.
- છાત્રાલયના બધા જ બાળકોને 'વાઘાવાડી કા રાજા' વિઘ્નહર્તા ગણપતિ બાપાના દર્શન કરવા લઈ ગયા હતાં. બાળકોએ દાદાના દર્શન કરીને ખૂબજ આનંદ અનુભવેલ હતો. સાથે ગૃહમાતા તથા છાત્રાલય સ્ટાફ પણ બાળકો સાથે જોડાયા હતાં.
- તા. ૨૯-૮ ના રોજ જૈન સમાજના વર્ષિતપ નિમિત્તે નાસ્તો

કરાવવામાં આવ્યો હતો.

- તા. ૯-૯ ના રોજ સ્વ. શ્રી શ્યામભાઈના સ્મરણાર્થે બાળકોને મિષ્ટાન સાથે ભોજન કરાવ્યું હતું.
- તા. ૧૦-૯ ના રોજ માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયાના પિતાશ્રી સ્વ. શ્રી ગૌરીશંકર રૂગનાથ પંડયાના શ્રાધ્ધ નિમિત્તે બાળકોને દૂધપાક સાથે ભોજન કરાવ્યું હતું.
- તા. ૧૦-૯ ના રોજ એક દાતાશ્રી (હસ્તે. અશ્વિનભાઈ પંડયા) તરફથી બળકોને પીઝા અને કોલ્ડ્રિંક્સ અનલિમિટેડ છાત્રાલયમાં લાઇવ બનાવીને સાંજે જમાડયાં હતાં.
- તા. ૧૧-૯ ના રોજ માનનીય શ્રી જીતુભાઇ વાઘાણીના જન્મદિવસે બાળકોને મિષ્ટાન ભોજન કરાવ્યું હતું. બાળકોએ ખૂબ જ સરસ કેક બોર્ડ પર ડ્રોઇંગ કરી, શ્રી જીતુભાઈને જન્મદિવસની શુભકામના પાઠવી હતી.

ભોજન સમયે માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ રાઉન્ડ લેવા આવે ત્યારે, બાળકો અવનવી વેરાઈટીઓની માંગ કરતાં હોય તે વાતને યાદ રાખીને ડો. અશ્વિનભાઈ પંડયાએ બાળકોની ઈચ્છા મુજબ ભોજન કરાવવાનું પ્લાનિંગ કરતાં હોય છે.

આવા ઘણાં બધા દાતાશ્રીઓ પોતાના સ્વજનના જન્મદિવસ તેમજ શ્રાધ્ધ નિમિત્તે બાળકોને ભોજન/નાસ્તો કરાવતા હોય છે.



## શ્રીમતી પ્રભાકુંવરબહેન રતિલાલ વાઘર કૃત્રિમ સાધન સહાય વર્કશોપ

અશ્વિનભાઈ પંડ્યા (ચેરમેન)





- ઓગસ્ટ માસમાં લોકલ લેવલે કુલ ૭૭ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવ્યાં છે. જેમાં લાભાર્થીઓને આશરે ૮૩ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, અડધા પગ-૩, ની-બ્રેસ-૧૫, હેન્ડ સ્પીલન્ટ-૪, અન્ય-૪૧, કેલીપર-૨, એ.એફ.ઓ.-૧૪, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૪ એમ કુલ-૮૩ સાધનો આપવામાં આવ્યાં હતાં.
- ઓગસ્ટ-'૨૫માં સંસ્થામાં હુબલી (કર્ણાટક) મુકામે ની-બ્રેસનો એક કેમ્પ યોજાયો હતો, જેમાં ૨૨ લાભાર્થીઓને ૪૩ ની-બ્રેસો માપ લઈને બનાવી અને ફીટ કરી આપવામાં આવ્યાં છે.



## શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટયૂટ ફોર ધ ડેફ - ટ્રસ્ટ સંચાલિત શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ (હીયરિંગ ઇમ્પેર્ડ)

ડૉ. ધવલ વ્યાસ



**1. તાલીમાર્થી ગળથિયા પારૂલબેનની મ. કૃ. ભાવનગર યુનિવર્સિટીના બોર્ડ ઓફ સ્ટડીઝ (શિક્ષણ વિદ્યાશાખા)માં આમંત્રિત સભ્ય તરીકે થયેલી નિયુક્તિ :**



કોલેજના B.Ed.Spl.Ed.(HI) અભ્યાસક્રમની બેચ ૨૦૨૩-૨૫ના તાલીમાર્થી ગળાથિયા પારૂલની, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી દ્વારા, બોર્ડ ઓફ સ્ટડીઝ (શિક્ષણ વિદ્યાશાખા)માં એક વર્ષ માટે આમંત્રિત સભ્ય તરીકે તા. ૧૫-૦૮ ના રોજ નિયુક્તિ કરવામાં આવેલ છે. તેમને આ સંદર્ભનો નિમણૂંક પત્ર તે દિવસે શિક્ષણ વિદ્યાશાખા ડીન પ્રોફે. જે. આર. સોનવણે અને યુનિ.નાં રજીસ્ટ્રારશ્રી ડૉ. ભાવિનભાઈ જોષીનાં હસ્તે પાઠવવામાં આવેલ હતો. આ માટે તેમને ખાસ યુનિ.નાં ધ્વજવંદન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પણ પાઠવવામાં આવ્યું હતું. જે બદલ સંસ્થા-કૉલેજ પરિવારે પારૂલબેનને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

**2. 'નેશનલ સ્પોર્ટ્સ દિન' ઉજવણી કરતી તાલીમી કૉલેજ :**






'હોકીના જાદુગર' તરીકે વિખ્યાત એવાં મેજર ધ્યાનચંદની જન્મજયંતિને 'નેશનલ સ્પોર્ટ્સ દિન' તરીકે ઉજવવામાં આવે છે. જેનાં અનુસંધાને તા. ૩૦-૮ ના રોજ સંસ્થા સંચાલિત ટ્રેનિંગ કૉલેજનાં B.Ed.Spl.Ed.(HI) અને D.Ed.Spl.Ed.(HI) અભ્યાસક્રમોના તાલીમાર્થીઓ તથા તમામ સ્ટાફ મિત્રો, મહારાજા કૃષ્ણકુમારસિંહજી, ભાવનગર યુનિવર્સિટીના મેદાન ઉપર વિવિધ રમતો જેવી કે, લીંબુ-ચમચી, કોથળાદોડ, બોલ પાસિંગ, સર્કલ બોલ વગેરે રમતો રમીને આ દિવસની ઉજવણી કરી હતી. વિવિધ રમતો રમીને તમામ તાલીમાર્થીઓ અને સ્ટાફે એક નવી ઉર્જા પ્રાપ્ત કરી હતી.

**3. અભ્યાસક્રમનાં ચાલું જોડાણ માટે યુનિવર્સિટીનાં LIC સભ્યોની મુલાકાત :**

તા. ૨-૯ ના રોજ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી દ્વારા નિયુક્ત LIC (Local Inquiry Committee)નાં સભ્યોએ, સંસ્થા સંચાલિત શ્રી કે. કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કૉલેજમાં ચાલતાં B.Ed.Spl.Ed.(HI) અભ્યાસક્રમનાં વર્ષ ૨૦૨૫-'૨૬ માટે ચાલું જોડાણ લંબાવવા માટે કૉલેજની મુલાકાત કરી હતી. ઉપસ્થિત L I C નાં સભ્યો સાથે સંસ્થાના માનદમંત્રીશ્રી અશ્વિનભાઈ પંડ્યા, સહમંત્રીશ્રી કિરીટભાઈ સોની, કૉલેજનાં ચરમેનશ્રી જીતુભાઈ શાહ, કૉલેજનાં એસોસિએટ પ્રોફેસર અને હેડ ડૉ. ધવલ વ્યાસે મુલાકાત કરી, કૉલેજની તમામ બાબતોની વાત કરેલ. આવેલ LICનાં સભ્યોએ કૉલેજનાં તાલીમાર્થીઓ અને સ્ટાફ સાથે પણ એક મુલાકાત ગોઠવી હતી. તેમને મુલાકાત દરમિયાન કૉલેજનું કાર્ય સંતોષજનક લાગ્યું હતું. આવેલ LICનાં સભ્યોએ શ્રવણમંદ વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ શિક્ષણ આપતી આપણી તાલીમી કૉલેજ અને સંસ્થાને આ ક્ષેત્રનું ઉમદા કાર્ય કરી રહ્યાં છો, તેમ જણાવ્યું હતું.

**4. 'શિક્ષક દિને' શિક્ષકની ભૂમિકા ભજવતા કૉલેજના તાલીમાર્થીઓ :**

સમાજમાં શિક્ષકનું સ્થાન ઉમદા છે. દર વર્ષે ૫મી સપ્ટેમ્બરના રોજ ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ અને દ્વિતીય રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિવસને પૂરા ભારતમાં 'શિક્ષક દિન' તરીકે ઉજવવામાં આવે છે. જેના અનુસંધાને તા. ૪-૯ ના રોજ તાલીમી કોલેજ દ્વારા, તાલીમાર્થીઓએ એક દિવસ માટે પોતે શિક્ષકની ભૂમિકા ભજવી કોલેજનું સફળતાપૂર્વક શિક્ષણ કાર્ય કર્યું હતું. એક દિવસ માટે બનેલા શિક્ષકોનાં શૈક્ષણિક કાર્યનું નિરીક્ષણ તાલીમી કોલેજના પ્રાધ્યાપકશ્રીઓ દ્વારા કરીને, યોગ્ય મૂલ્યાંકન કર્યું હતું. સંપૂર્ણ દિવસનું શૈક્ષણિક કાર્ય પૂર્ણ કર્યા પછી, સાંજે સમાપન સમારોહનું આયોજન કૉલેજનાં પ્રાર્થનાખંડમાં કરવામાં આવ્યું હતું. જેમાં શિક્ષકની ભૂમિકા ભજવનાર તાલીમાર્થીઓએ, વિદ્યાર્થી બનેલ તાલીમાર્થીઓએ અને મૂલ્યાંકન કરનાર ફેકલ્ટીઓએ પોતાના અનુભવો-અભિપ્રાયો આપેલ હતાં. ટીચર્સ ટ્રેનિંગ કોલેજ કમિટીના ચેરમેનશ્રી જીતુભાઈ શાહ, તાલીમી કોલેજના એસોસિએટ પ્રોફેસર અને હેડ ડૉ. ધવલ વ્યાસ, તાલીમી કોલેજની ફેકલ્ટીઓ શ્રી જ્યોતિબેન મહાજન અને શ્રી સુભાસ્મિતા બિસ્વાલ દ્વારા ભાગ લેનાર તમામને સર્ટિફીકેટ અને વૉટર બોટલ ભેટ આપીને સન્માનિત કરાયાં હતાં. જયારે ફેકલ્ટીઓના મૂલ્યાંકનથી D.Ed.Spl.Ed(HI) અભ્યાસક્રમનાં સેમેસ્ટર - ૩ના તાલીમાર્થી કવિતા પરમારને પ્રથમ સ્થાન, B.Ed.Spl.Ed(HI) અભ્યાસક્રમના સેમેસ્ટર-૧ ના તાલીમાર્થીઓ ડાભી વિભૂતિને દ્વિતીય સ્થાન અને લોલિયાણા ઝીલને તૃતીય સ્થાન આપવામાં આવ્યું હતું. સંપૂર્ણ કાર્યક્રમને તસ્વીરમાં સાચવવાનું કામ B.Ed.Spl.Ed(HI) અભ્યાસક્રમનાં સેમેસ્ટર-૧ ના તાલીમાર્થી નીરજ વાઘેલાએ કર્યું હતું.

**5. વિશિષ્ટ શાળામાં ઇન્ટર્નશીપ કરતાં B.Ed. Spl. Ed. (HI) નાં તાલીમાર્થીઓ :**

અભ્યાસક્રમના ભાગ સ્વરૂપે B.Ed.Spl.Ed.(HI) કોર્સના સેમેસ્ટર-૩નાં તાલીમાર્થીઓની વિશિષ્ટ શાળાની ઇન્ટર્નશિપ તા. ૨૧-૮ થી તા. ૧૫-૯ દરમિયાન શ્રીમતી મહાલક્ષ્મીબેન જગન્નાથ એ. મહેતા શ્રવણમંદ બાળકોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, ભાવનગર ખાતે



ગોઠવી હતી. આ ઇન્ટર્નશીપ દરમિયાન તાલીમાર્થીઓ વર્ગખંડના વિદ્યાર્થીઓની હાજરી લેવી, TLM બનાવવા, પાઠ લેવા, વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવું-તેમાં ભાગ લેવો, શાળાના શિક્ષકોને દૈનિક શૈક્ષણિક કાર્યોમાં મદદ કરવી, અભ્યાસેત્તર પ્રવૃત્તિઓનું અવલોકન કરવું, વિદ્યાર્થીઓના ગૃહકાર્યો તપાસવા, વગેરે જેવા કાર્યો કરવામાં આવ્યાં હતાં.

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

# શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ

## શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિક્લિનિક



સૂર્યકાંત ચાવડા

**મોતીયોના વિનામૂલ્યે ઓપરેશન માટે નિ:શુલ્ક તપાસ નિદાન કેમ્પ યોજાયા :**

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત શેઠ શ્રી વી.સી.લોઢાવાળા હોસ્પિટલ, શ્રી પ્રતાપ્રરાય શામજીભાઇ પારેખ પોલિક્લીનીક અને લાયન્સ ક્લબ ઓફ ભાવનગર(વેસ્ટ) ના સંયુક્ત ઉપક્રમે વિનામૂલ્યે મોતિયો નેત્રયજ્ઞ તા.૨૩/૦૮/૨૦૨૫ ને શનિવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ ઘોઘાસર્કલ સંસ્કાર મંડળ (અખાડો) ભાવનગર ખાતે યોજાયો હતો. જેમાં ડો. વર્ષાબેન મોદી દ્વારા ૩૫ દર્દીઓને વિનામૂલ્યે આંખની તપાસ કરી આપી હતી તથા મોતિયાના ઓપરેશન જરૂરતવાળા ૧૫ દર્દીઓને જીલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી ભાવનગર તેમજ શ્રી ધનવંતભાઈ અજમેરાના સહયોગથી લોઢાવાળા હોસ્પિટલ પથિકાશ્રમ પાસે ગંગાજળિયા તળાવ ભાવનગર ખાતે અદ્યતન ફેકો મશીન દ્વારા ટાંકા વગરના મોતિયાના ઓપરેશન કરી નેત્રમણી મૂકી આપવા તારીખ આપી હતી. તથા અન્ય દર્દીઓને ચશ્માના નંબર તથા આંખના ટીપા દ્વારા સારવાર આપી હતી.

- ભાવનગર નવજવાન સંઘ સંચાલિત શેઠ શ્રી વી સી લોઢાવાળા હોસ્પિટલ શ્રી પ્રતાપરાય શામજીભાઇ પારેખ પોલિક્લિનીક ખાતે તા.૩૦/૦૮/૨૦૨૫ના રોજ કેમ્પ યોજાયો હતો , જેમાં હોસ્પિટલમાં ચાલતા આંખ વિભાગમાં કુલ ૩૮ દર્દીઓને તપાસ કરી સારવાર આપવામાં આવી હતી. તથા મોતિયાના ઓપરેશન જરૂરતવાળા દર્દીઓને જીલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી ભાવનગર તેમજ શ્રી ધનવંતભાઈ અજમેરાના સહયોગથી લોઢાવાળા હોસ્પિટલ પથિકાશ્રમ પાસે ગંગાજળિયા તળાવ, ભાવનગર ખાતે, અદ્યતન ફેકો મશીન દ્વારા ટાંકા વગરના મોતિયાના ઓપરેશન કરી નેત્રમણી મૂકી આપવા તારીખ આપી હતી. તથા અન્ય દર્દીઓને ચશ્માના નંબર તથા આંખના ટીપા દ્વારા સારવાર આપી હતી.
- તા.૦૬/૦૯/૨૦૨૫ નાં ભાવનગર નવજવાન સંઘ સંચાલિત શેઠ શ્રી વી સી લોઢાવાળા હોસ્પિટલ શ્રી પ્રતાપરાય શામજીભાઇ પારેખ પોલિક્લિનીક ખાતે શ્રી ભરતભાઇ પારેખ સંસ્થા મુલાકાતે પધાર્યા હતા, સાથે શ્રી પારસભાઈ, શ્રી રાજુભાઈ, શ્રી કીર્તિભાઇ, શ્રી સૂર્યકાંતભાઇ ઉપસ્થિત રહી મુલાકાત કરાવી હતી. તેમના દાનથી મળેલ સાધનોનો ડો. શ્રી દ્વારા થઇ રહેલ ઉપયોગ સાથે તથા મોતિયાના ઓપરેશન થયેલ દર્દીઓની મુલાકાત લઇને સંસ્થાની કામગીરી માટે સંતોષ વ્યક્ત કરી ધન્યવાદ પાઠવ્યા હતા.



**ઓક્ટોબર-૨૦૨૫ દરમ્યાન, નીચે મુજબના દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| DEPARTMENT | No.Of Patients | DEPARTMENT | No.Of Patients |
|---|---|---|---|
| EYE DEPARTMENT | | PSYCHIATRIC (M.D.) | 50 |
| OPD | 267 | ORTHOPEDIC DEPARTMENT | 33 |
| Cataract Surgeries - Free | 16 | CHEST PHYSICIAN | 04 |
| Cataract Surgeries - Paid | 12 | PHYSIOTHERAPY | 58 |
| ENT DEPARTMENT | | GENERAL OPD | 211 |
| OPD | 521 | PSYCHIA TRIC | 24 |
| OPERATION - PAID | 05 | PEDIATRIC | 01 |
| MINOR PROCEDURE | 175 | SKIN DEPARTMENT | 161 |
| MATERNITY | | LABORATORY PATIENT | 125 |
| OPD | 10 | LABORATORY TEST | 248 |
| DENTAL DEPARTMENT | | SONOGRAPHY | 22 |
| OPD | 140 | CAMP | 02 |
| PROCEDURE | 156 | APATIENT | 73 |
| | | SHAMJI MAVJI RELIEF | 11 |



સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા અને સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા

# 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા

નેહલ ગઢવી



## હોસ્ટેલ પ્રોજેક્ટ :




રસ્તે રખડતાં અનેક મનોદિવ્યાંગ માટે ઓટલા અને રોટલાં માટે એક જમીન મળી, શેરીમાં જ બાંધીને, છુપાવીને રાખવી પડતી અનેક મનોદિવ્યાંગ દીકરીઓ- મહિલાઓને સલામતી અને આકાશ આપી શકે એવી જમીન મળી, ગામડાંમાં રહેતા કેટલાય માતા-પિતા જેમનાં સંતાનોને તાલીમ,થેરાપી અને કેળવણીની જરૂર છે, એવા બહુ મોટા વર્ગના મનોદિવ્યાંગ બાળકોને શાળા માટે જમીન મળી, એક 'મા' જે રોજ રાત્રે સૂતા પહેલા ઈશ્વરનો આભાર નહીં, પણ વિનંતી કરતી કે 'મારી હયાતીમાં આ બાળકને તું લઈ લે', એવી મૃત્યુની પ્રાર્થના કરતી મા ને બાળક તેની હાજરીમાં તેના સુરક્ષિત શ્વાસની બાહેંધરીની જમીન મળી, અંકુર સંસ્થા જે વર્ષોથી પ્રયાસ, કરતી હતી કે આ મનોદિવ્યાંગ બાળકો વ્યક્તિઓ રહી શકે એવું સલામત-સુખવાળું વાતાવરણ આપવું. તેની પોતાની એક દુનિયા, તેનું પોતાનું એક આદર્શ વિશ્વ, ઘરથી દૂર એક ઘર, અને મંદિરથી દૂર એક આશ્રમ આપવો. ૧૬ વર્ષ પછી આજે જમીનનો દસ્તાવેજ થયો. આ દસ્તાવેજ નથી પણ એક ઈતિહાસ છે. જયાં આ બાળકો,વ્યક્તિઓ બિચારા લાચાર કે નિઃસહાય નહીં, પણ એક માણસ હોવાનો અધિકાર મેળવશે. ભોજન અને ભજન, તાલીમ અને શિક્ષણ, દવા અને કેળવણી, આનંદ અને અનુભવ, રોજગાર અને આત્મનિર્ભર, ઓળખ અને સન્માન બધું હશે. કદાચ તેમની દુનિયામાં પ્રવેશ લેવા માટે આપણે થોડા સંવેદનશીલ માણસ બનવું પડશે. આ દસ્તાવેજ માત્ર નથી, આ આવતાં દિવાસોમાં પૃથ્વી થોડી વધુ લાગણીશીલ, ઉદાર અને માણસને માણસ તરીકે જોવાના પ્રયત્નની શરૂઆત છે. એકલા

અટુલાને મેળા તરફ લઈ જવાનું આ પ્રથમ પગલું છે. ઈશ્વરને પ્રાર્થના, દરેક દાતાઓને વધુ સુખી કરે ,તેમની સેવાની નોંધ દીનાનાથ લે, દરેક મદદ કરનાર,આગળી ચીંધવાનું પુણ્ય લેનાર દરેકને અનહદ આપે, જેમણે વિશ્વાસ મૂક્યો તેમને વંદન, પૂજ્ય અને પ્રિય મોરારીબાપુ, જેમણે શરૂવાત કરાવી, રાષ્ટ્રીય સંત પૂજય શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ જેમણે સહાય કરી, શ્રી માવજીભાઈ કોશિયા, શ્રી ચુનીભાઈ ગજેરા ,શ્રી સુનિલભાઈ પારેખ,શ્રી બુધાભાઈ પટેલ જેવા ઉદાર દાતાઓનો આભાર. બસ,ઈશ્વર અંકુરની સમગ્ર ટીમને હિંમત,સાહસ અને શક્તિ આપે, જેથી તેઓ અન્યના સુખનું કારણ બની શકે.

"કૃપા બની રહો ,
'અંકુર' મહેકતું રહે."

**બુધસભા :**

તા.૧૯/૮ ના રોજ માનદ્ મંત્રી શ્રી ડી. જે. ધંધુકિયાની ઉપસ્થિતિમાં સ્ટાફ મિટીંગનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં I.D. બાળકોના રેલ્વે કન્સેશન કેમ્પ, તેમજ હાલમાં શાળામાં જે કરીક્યુલમ અપનાવીએ છીએ તેને હજુ થોડો વિસ્તૃત કરી તેનો દરેક સ્પેશ્યલ સ્કૂલમાં ઉપયોગ થાય તે માટે સરકાર સમક્ષ મુકી શકાય કે કેમ ? તે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી.

**ઓરિયેન્ટેશન – ચાલો આપણા બાળકોને ઓળખીએ :**



શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં નવા પ્રવેશ મેળવેલ બાળકોના વાલીઓ માટે એક પેરેન્ટસ ટ્રેઇનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨૫/૦૮/૨૦૨૫ થી ૩૦/૦૮/૨૦૨૫ દરમ્યાન "ચાલો આપણા બાળકોને ઓળખીએ" અંતર્ગત મંદબુધ્ધિ, તેમજ તેને લગતા વિવિધ પાસાઓ, તેમજ થેરાપીઓ તથા આ બાળકોને સરકારશ્રી દ્વારા મળતા વિવિધ લાભો વિશે, શાળાના શિક્ષકો દ્વારા વાલીઓને જ્ઞાનસભર અતિ ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. જે આ મંદબુધ્ધિ બાળકોના વિકાસમાં અતિ મહત્વનો ભાગ ભજવે છે. આ ઓરિયેન્ટેશન પ્રોગ્રામના ઉદ્ઘાટન સમારોહમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી સુરેશભાઈ ચૌધરી, માનદ્ મંત્રી શ્રી ડી. જે. ધંધુકિયાની વિશેષ ઉપસ્થિત રહી હતી. આ સમગ્ર ઓરિયેન્ટેશન પ્રોગ્રામનું સંચાલન શિક્ષક શ્રી પારૂલબેન પાઠક તથા સંકલન આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

**રેલ્વે કન્સેશન સર્ટીફિકેટ તથા આઈ.ડી. કેમ્પ :**



તા.૧૦/૯ ના રોજ શાળામાં માનસિક રોગ વિભાગ સર.ટી. હોસ્પિટલ અને પશ્ચિમ રેલ્વે ભાવનગરના સહયોગથી રેલ્વે કન્સેશન સર્ટીફિકેટ તથા રેલ્વે ઓળખ કાર્ડના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમા માનસિક રોગ વિભાગના ડો. જીનેશ પરમાર તથા તેમની ટીમ દ્વારા બાળકોની તપાસ કરીને રેલ્વે કન્સેશન સર્ટીફિકેટ આપવામાં આવ્યાં હતાં અને રેલ્વે ઓળખ કાર્ડ માટેની અરજી શાળા તરફથી સ્વીકારવામાં આવી હતી. આ કેમ્પમાં ૭૮ વિદ્યાર્થીઓને રેલ્વે કન્સેશન સર્ટીફિકેટ ઇસ્યુ કરવામાં આવ્યાં હતાં. આ સમગ્ર કેમ્પનું આયોજન શાળાના શિક્ષક શ્રી પારસભાઈ પરમાર અને સંકલન આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

**તપાસ – નિદાન કેમ્પ :**



શાળા દ્વારા મંદબુધ્ધિ બાળકોને પધ્ધતિસરની તાલીમ તો આપવામાં આવે જ છે, સાથો-સાથ સંમયાતરે જન જાગૃતિ અંગેના કાર્યક્રમો પણ કરવામાં આવે છે જેના ભાગરૂપે

તા.૧૨/૦૯/૨૦૨૫નાં રોજ ઘોઘા ખાતે એક તપાસ-નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૧ બાળકો મંદબુદ્ધિવાળા મળ્યા હતાં. જેઓના વાલીનું યોગ્ય કાઉન્સેલિંગ કરી બાળકોને સ્પેશ્યલ એજ્યુકેશન, તેમજ વિવિધ થેરાપીઓ મળી રહે તેવા પ્રયત્નો શાળા દ્વારા કરવામાં આવ્યાં હતાં. આ કેમ્પમાં શાળાના આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી, સિનીયર શિક્ષકો, થેરાપીસ્ટ જોડાયેલ તેમજ કેમ્પને સફળ બનાવવા શિક્ષક શ્રી હરદીપભાઈ કામળિયા દ્વારા પ્રશંસનિય કામગીરી બજાવવામાં આવી હતી.

**પ્રિતી ભોજન :**

તાત્કાલીન શિક્ષણ મંત્રી તથા ગુજરાત પ્રદેશ ભાજપા પ્રમુખ, વર્તમાન ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય માનનીયશ્રી જીતુભાઈ વાઘાણી સાહેબના જન્મ દિવસ નિમિત્તે તેમના તરફથી શાળાના બાળકોને પ્રિતી ભોજન કરાવવામાં આવ્યું હતું.

**રાષ્ટ્રિય કક્ષાએ અંકુર શાળાના બાળકોનો ઉત્કૃષ્ટ દેખાવ**

તા. ૧ થી ૫ સપ્ટેમ્બર દરમ્યાન રાજસ્થાનના ગંગાનગર ખાતે, સ્પેશ્યલ ઓલિમ્પિક ભારત દ્વારા આયોજીત નેશનલ હેન્ડબોલ સ્પર્ધામાં ગુજરાતની ટીમ વતી શાળાના ત્રણ બાળકોએ ભાગ લીધો હતો જેમાં મેર અંકિતાએ ગોલ્ડ મેડલ, સોલંકી પૂર્વાએ સિલ્વર મેડલ, તેમજ પરમાર રાજે સિલ્વર મેડલ મેળવી, નેશનલ લેવલે ગુજરાત, ભાવનગર તથા અંકુર શાળાનું નામ ગુંજતુ કર્યું હતું. શાળાના સ્પોર્ટસ ટીચર શ્રી આસીફખાન પઠાણ તથા શ્રી ફાતેમાબેન હીરાણી દ્વારા આ બાળકોને નિયમીત કોચીંગ આપવામાં આવે છે તેમજ શાળાના શિક્ષક શ્રી મોનાલીબેન ઉપાધ્યાય એસ્કોર્ટ તરીકેની ફરજ બજાવી હતી.

## શ્રી ડી.કે. અજમેરા ફાઉન્ડેશન તથા શ્રીમતી ભાનુમતિ વાડીલાલ ચત્રભુજ ગાંધી "ભાનુવાડી" વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર

ભાનુવાડી વોકેશનલ ટ્રેઈનિંગ સેન્ટરમાં હાલ બાળકોને આગામી દિવાળીના તહેવારને અનુલક્ષીને કેન્ડલ, તોરણ, ટોડલીયા જેવી વિવિધ વસ્તુઓ બનાવવાની તાલીમ આપવામાં આવી રહી છે.

## શ્રવણમંદોની સાઇન લેન્ગ્વેઝ, હવે સામાન્ય શાળાના વિદ્યાર્થીઓ શીખશે.

**ભાવનગરની બહેરા-મૂંગા શાળાની, સરકારની મદદથી પહેલ. ધો. ૯ અને ૧૦ના સામાન્ય વિદ્યાર્થીઓ શીખશે સાઈન લેંગ્વેઝ**

શ્રવણમંદ એટલે કે બહેરા મૂંગા બાળકો દેખાવમાં કોઈ રીતે દિવ્યાંગ દેખાતા નથી. શારીરિક રીતે સક્ષમ એવા આ લોકો સાંભળી કે બોલી ન શકવાના કારણે દુનિયાથી અલિપ્ત રહેતાં હોય છે અને તેઓની પોતાની એક ભાષા **સાઈન લેંગ્વેઝ** એટલે કે ઈશારાની ભાષા હોય છે, જે તેઓ એકબીજા સાથે ઉપયોગ કરી વાતચીત કરી શકતા હોય છે. પરંતુ તેઓ સામાન્ય લોકોની સાથે વાતચીત કરી શકતા નથી, કારણ કે સામાન્ય લોકોને ઈશારાની ભાષા આવડતી હોતી નથી. જેના કારણે આવા લોકો દુનિયાથી અલિપ્ત રહીને જીવતા હોય છે. વોટ્સએપ વિડીઓની શોધથી તેઓની થોડીક મુશ્કેલી ઓછી થઇ કારણકે તેઓ એકબીજા સાથે વોટ્સએપ વિડીઓથી વાતચીત કરી લેતા હોય છે. પરંતુ બીજા વિકલાંગોની જેમ તેઓ સામાન્ય લોકો સાથે વાતચીત કરી શકતા નથી. ૨૦૨૪માં ભારત સરકારે, સાઇન લેંગ્વેઝને આધિકારિક ભાષા તરીકે સ્વીકાર કર્યો, તેથી સામાન્ય લોકોને પણ આ ભાષા વિષે જાણ થઇ, પરંતુ જો આ ભાષા શીખવી હોય તો કેમ અને ક્યાં શીખવી, એ પ્રશ્ન હતો. ભાવનગરની ખી.લ. શાહ બહેરા મૂંગા શાળાએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે પરામર્શ કરી, આ ભાષાને સામાન્ય શાળામાં એક વૈકલ્પિક વિષય તરીકે દાખલ કરાવી છે. માધ્યમિક શિક્ષણ બોર્ડ માટે અને અભ્યાસક્રમ બનાવવા માટે મોટો પ્રશ્ન ઉભો થયો, કારણકે તેઓની પાસે ઈશારાની ભાષા માટેના કોઈ વિષય નિષ્ણાત હતા નહિં. બહેરાં મૂંગા શાળાના માનદ મંત્રી ડો.અશ્વિનભાઈ પંડ્યાએ આ બીડું ઝડપ્યું અને ભાવનગર ઉપરાંત વડોદરાના વિષય નિષ્ણાતોની મદદથી ધોરણ ૯ અને ૧૦નો અભ્યાસક્રમ તૈયાર કરાવી આપ્યો. આ

માટે માધ્યમિક શિક્ષણ બોર્ડમાં ચાર મિટીંગ, ઉપરાંત ભાવનગરમાં અનેક ઓનલાઇન અને ઓફલાઈન મિટીંગો યોજી, અભ્યાસક્રમ બનાવવાનું કાર્ય પાર પાડી, માધ્યમિક શિક્ષણ બોર્ડની શિક્ષણ સમિતિની યોજાયેલી મિટીંગમાં વિસ્તૃત રીતે રજૂઆત કરી, મંજૂર કરાવી, સરકારમાં આ મંજૂરી માટે મોકલી અપાવવાનું કાર્ય સુપેરે પૂરું પાડયું છે. આ અભ્યાસક્રમ બનાવવામાં સાઈન લેંગ્વેઝ સ્પેશિયાલિસ્ટ અને ઇન્ટરપ્રિટર વિરેન્દ્રસિંહ ગોહિલ અને જ્યોતિબેન બારૈયા, ઉપરાંત સ્પેશ્યલ એજ્યુકેટર અને ઇન્ટરપ્રિટર રશ્મિબેન મહેતા અને ઉજ્વાલાબેન વ્યાસે કોઈ પણ અપેક્ષા વગર સેવા આપી છે.

સાઈન લેંગ્વેઝને સામાન્ય વિધાર્થીઓ માટે ઓપન કરવાથી હવે આ વિષય રખાવનાર શાળાઓને વિશિષ્ટ શિક્ષકોની જરૂર પડશે. ઉપરાંત સાઈન લેંગ્વેઝ શીખેલા વિધાર્થીઓ, શ્રવણમંદ લોકોની ભાષા જાણતા થશે તો પાંચ-દશ વર્ષો પછી ભવિષ્યમાં શ્રવણમંદ લોકોને તેઓની ભાષા જાણકાર મળતા થશે, તો તેઓ અલિપ્ત દુનિયામાંથી સમાજમાં સહજતાથી ભળતા થશે.

PNR
HOPE 4 ALL

# ૧ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીના દાતાઓની યાદી

## P. N. R. SOCIETY

### 80-G

| | Rs. |
|---|---|
| New Era Charitable Foundation - Mumbai | 21,000 |
| Krishna Enterprises - Mumbai | 2,50,000 |
| Jyotsna Anang Sanghavi - Mumbai101 | |
| Kishorbhai Prabhudas Bhattasana - Bhavnagar | 21,000 |
| Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| Jyotsna Anang Sanghavi - Mumbai | 12,400 |
| Nitinchandra Rameshchandra Desai - Bhavnagar | 2,500 |
| Jayeshbhai Kantilal Joshi - Bhavnagar | 5,001 |
| Well Wisher - Bhavnagar | 3,001 |
| Mehta Keyurbhai Bharatbhai - Bhavnagar | 7,100 |
| Richa Goyal Bansal - Bhavnagar | 20,000 |
| Yash Hydro Phoenix Project Private Limited - Bhavnagar | 21,000 |
| Hetal Bakulesh Sheth - Mumbai | 5,000 |
| Harsha Sheth - Mumbai | 5,000 |
| Rajesh Ramniklal ModiMumbai | 5,000 |
| Bhavini R.Modi - Mumbai | 5,000 |
| Nihchal Israni Foundation - Mumbai | 10,00,000 |

### FCRA

| | $ |
|---|---|
| IMPACT FOUNDATION - UK | 4,500 |
| PNR USA FOUNDATION INC -.USA | 12,000 |
| THE DALAL FAMILY FOUNDATION INC-USA | 57,600 |

### CSR

| | Rs. |
|---|---|
| THE ASSOCIATED AUTO PARTS PRIVATE LIMITED - Mumbai | 1,75,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | Rs. |
|---|---|
| Ms. Harshita Kalpeshbhai Vaghela - Bhavnagar | 6,000 |
| Ms. Prachiben - Bhavnagar | 6,000 |
| M/S. S And S Export - Mumbai | 20,000 |
| Ms. Daxaben & Shri Nitinbhai Gandhi - Mumbai | 11,000 |
| Shri Hitesh Vinubhai Mody - Mumbai | 26,000 |
| Ms. Meenaben Ghanshyambhai Upadhyay - Vadodara | 5,000 |
| Late Akshaybhai Hargovindbhai Rathod - Bhavnagar | 6,000 |
| Shri Dhairya Bhavinbhai Shah - Bhavnagar | 6,000 |
| Shri Dev & Shreya - Bhavnagar | 6,000 |
| Late Champaben & Late Pushpaben Parekh - Bhavnagar | 10,000 |
| Shri Dineshbhai B Parekh - Bhavnagar | 4,000 |
| Late Gitaben Narendrabhai Parekh - Bhavnagar | 8,300 |
| Late Jigneshbhai J Gajjar - Bhavnagar | 6,000 |
| Shri Meet Dabhi - Bhavnagar | 4,000 |
| Late Nirmalsinh Satubha Gohil - Bhavnagar | 1,000 |
| Shri Romitbhai Ravibhai Vala - Bhavnagar | 2,500 |

| | |
|---|---|
| Late Keval Bhupatbhai Vyas - Bhavnagar | 6,000 |
| Shri Vijaybhai Bhupatray Upadhyay - Bhavnagar | 15,000 |
| Shri Natvarlal Mohanlal Soni - Bhavnagar | 2,000 |
| Shri Ajitbhai Kantilal Sanghavi - Mumbai | 11,000 |
| Shri Kirtibhai Kantilal Shah - Mumbai | 10,000 |
| Shri Kirtibhai Kantilal Shah - Mumbai | 10,000 |
| Shri Mukesh Oza - Mumbai | 50,000 |
| Shri Jigneshbhai Patel - Bhavnagar | 5,000 |
| M/S. New Universal Agency - Bhavnagar | 6,000 |
| Shri Ashvinkumar G Pandya - Bhavnagar | 4,000 |
| Shri Dhyansh Nirali Vatsal Doshi - Mahuva | 6,000 |
| Shri Ashwin Chhotalal Damani - Mumbai | 33,000 |
| Shri Saumya Shyambhai Thakkar - Bhavnagar | 11,000 |
| Dr. Shri Hardik Khatri - Bhavnagar | 11,001 |
| Shri Husain Firozbhai Laxmidhar - Vichhiya | 10,000 |
| Ms. Mina Jitendra Shah - Mumbai | 10,000 |
| Late Kiritbhai Raval - Bhavnagar | 9,000 |
| Shri Bhagirathbhai Madhusudan Baxi - Bhavnagar | 5,000 |
| Shri Jitubhai Savjibhai Vaghani - Bhavnagar | 15,710 |
| Late Somabhai Kalidas Patel - Bhavnagar | 1,500 |
| Shri Shivansh Yuvrajsinh Parmar - Bhavnagar | 11,000 |
| Ms. Chetnaben V Kothari - Bhavnagar | 15,000 |
| Ms. Bhawana Ashish Jani - Bhavnagar | 5,000 |
| Ms. Aradhyaba Shivbhadrasinh Gohil - Bhavnagar | 4,000 |
| Late Vinaben Harshadbhai - Bhavnagar | 5,000 |
| Shri Sunilbhai Vasanwala - Sihore | 5,000 |
| M/S. Sadhana Cha Bhandar - Mahuva | 25,000 |
| M/S. New Universal Agency - Bhavnagar | 11,000 |
| Shri Alang Seva Group - Bhavnagar | 60,000 |
| Shri Bharatbhai A Khakkhar - Bhavnagar | 12,000 |
| Late Nilamben N Bhatt - Bhavnagar | 5,200 |
| Shri Darshakbhai Vaghela - Bhavnagar | 10,001 |
| Late Jamyantram Someshwar - Bhavnagar | 6,000 |
| Shri Pushpam Charitable Trust - Sihore | 35,000 |
| Dr. Sapna Shukla - Bhavnagar | 10,000 |
| Ms. Misika Jani - Bhavnagar | 6,000 |
| Ms. Bhavini Rajesh Modi - Mumbai | 5,000 |
| Shri Rajesh R Modi - Mumbai | 5,000 |
| Ms. Dviti Partheshkumar Parekh - Bhavnagar | 3,000 |
| Shri Narendrabhai Ramniklal Goradia - Bhavnagar | 10,001 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | Rs. |
|---|---|
| Shri Sanjay Madhukar Nandani - Mumbai | 51,00,000 |
| M/s. Alang Auto and Gen. Engg. Co. Pvt. Ltd - Bhavnagar | 14,30,000 |
| M/s. Krishna Enterprise - Mumbai | 3,10,000 |
| Ms. Bhavnaben Bharatbhai Parekh - Mumbai | 2,51,000 |
| Ms. Preeti Paresh Shah - Mumbai | 2,50,000 |
| Shri Kansagara Jayesh Patel - Ahmedabad | 1,00,000 |
| M/s. V. C. Parekh Charitable Trust - Surendranagar | 1,00,000 |
| M/s. Modh Vanik Gyati Yuvak Mandal - Bhavnagar | 51,000 |
| M/s. Indiana Opthalmics LLP - Wadhvan | 50,000 |
| M/s. R. V. Shah Charitable Trust - Bhavnagar | 50,000 |
| M/s. Priti Kinner Shah - Ahmedabad | 27,000 |
| M/s. Aadinath Mahilaseva Trust - Rajkot | 25,000 |
| Shri Hetalbhai Rohitbhai Shah - Rajkot | 25,000 |
| M/s. Jade Blue Lifestyle India Limited - Ahmedabad | 25,000 |
| Shri Kanubhai V. Kalyani - Bhavnagar | 25,000 |
| M/s. Uravshi Kirti Shah - Mumbai | 25,000 |
| Shri Ambarish Ratilal Sodha - Mumbai | 21,000 |
| M/s. Khushboo Anand Bhayani - Bhavnagar | 21,000 |
| M/s. Mamta Nishith Parikh - Mumbai | 19,010 |
| Mrs. Hansaben & Mr. Chandulal Dodiya - Ahmedabad | 12,315 |
| Shri Milanbhai Parekh - Bhavnagar | 12,000 |
| Ms. Divya Naresh Nihalani - Surat | 11,500 |
| Shri Naresh Nihalani - Surat | 11,500 |
| Shri Harkrishanbhai Vanechandbhai Parekh - Morbi | 11,406 |
| M/s. Hinaben Udaybhai Parekh - Morbi | 11,406 |
| M/s. Merit Fibers - Rajkot | 11,000 |
| M/s. Shreenath Traders - Bhavnagar | 11,000 |
| M/s. Ashaben Dilipbhai Kothari - Mumbai | 10,000 |
| Shri Kishorkumar Gamanlal Chapatwala - Surat | 9,505 |
| Shri Jaydutt Jitendrabhai Jani - Sihor | 8,000 |
| Shri Kartik S. Maniyar - Bhavnagar | 5,101 |
| Shri Jasvantrai R. Sanghavi - Mumbai | 5,001 |
| Shri Prakash Amulakh Shah - Mumbai | 5,001 |
| M/s. Bhavini Rajeshbhai Modi - Mumbai | 5,000 |
| M/s. Michael Vadakail - Gandhinagar | 5,000 |
| Shri Rajeshbhai Ramniklal Modi - Mumbai | 5,000 |
| M/s. Varaiya Foundation - Mumbai | 5,000 |
| Well Wisher - Bhavnagar | 3,000 |
| Shri Rajnikant Unadkat - Ahmedabad | 2,500 |
| Shri Ankur Kiritkumar Mehta - Ahmedabad | 1,901 |
| Shri Chandubhai Muljibhai Ranpura - Ahmedabad | 1,901 |
| Shri Jaydevbhai K. Desai - Mangrol | 1,901 |
| M/s. Nimisha Naresh Dolakia - Ahmedabad | 1,500 |
| M/s. Mira Janardan Kanaiya - Bhavnagar | 1,111 |

## PNR સોસાયટી તસ્વીર સમાચાર


કવિ શ્રી ડો. જવાહર બક્ષીનું સ્વાગત-સન્માન...



લેપટોપ વિતરણ...


શ્રી પ્રકાશભાઈ દેસાઇ દ્વારા બાળકોનો પ્રવાસ...


શ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા 'અંકુર'ના બાળકોને પ્રિતી ભોજન...


કલેક્ટરશ્રી તથા મહેમાનો...


માતાજીની આરતી...

### નવરાત્રી મહોત્સવ - ૨૦૨૫


દિવ્યાંગ બાળકોનો ઉત્સાહ...


વિજેતાઓને ઈનામ વિતરણ...

Koshish thi Kamyabi ◆ R.N.I. No. GUJGUJ/2013/48176 ◆ Postal Reg. L2/36/RNP/BVR-414/2025-27 ◆ Monthly
Date of Publication : 15 October - 25 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 28




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com